પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૬ ● અંક : ૨૦૮ ● કુલ પાના : ૪ ● તારીખ : ૨૬-૦૪-૨૦૨૩ બુધવાર ● કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## સેલવાસમાં વડાપ્રધાન મોદીએ નમો મેડિકલ કોલેજનું લોકાર્પણ કર્યું

# આજે દેશમાં તૃષ્ટિકરણ પર નહીં પણ સંતુષ્ટિકરણ પર જોર આપવામાં આવી રહ્યું છે : વડાપ્રધાન નરેન્દ્ર મોદી

વલસાડ,

કેન્દ્ર શાસિત પ્રદેશ દાદરાનગર હવેલી અને દમણ-દીવની મુલાકાતે આવેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે સેલવાસાના સાયલીમાં આવેલી નમો મેડિકલ કોલેજનું કર્યું લોકાર્પણ કર્યું હતું. પીએમ મોદી દ્વારા દાદરા નગર હવેલીના સેલવાસમાં ૨૬૦ કરોડના ખર્ચે ૧૩ એકરમાં બનેલી નમો મેડિકલ કોલેજનું લોકાર્પણ કર્યું હતું ત્યારબાદ તેઓ દાદરા નગર હવેલી અને દમણ દીવમાં અંદાજિત રૂ. ૫,૦૦૦ કરોડના પ્રોજેક્ટનું ઉદ્‌ઘાટન અને શિલાન્યાસ પણ કર્યો હતો આ અગાઉ સુરત એરપોર્ટ પર વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. આ દરમિયાન ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ અને સી.આર.પાટીલ ઉપસ્થિત રહ્યા



હતા.

નરેન્દ્ર મોદીની જાહેરસભા માટે તૈયાર કરાયેલા ડોમમાં ૬૫ હજાર ખુરશીઓ ગોઠવી દેવામાં આવી છે. ગરમીને ધ્યાને રાખી વહીવટીતંત્ર દ્વારા ખાસ વ્યવસ્થા પણ કરવામાં આવી છે. પંખા ઉપરાંત એર-કુલર, ફોગરની પણ વ્યવસ્થા કરવામાં આવી છે. એસેમ્બલી બિલ્ડિંગની આસપાસ ૯ પાર્કિંગની જગ્યા નક્કી કરવામાં આવી છે. લોકો માટે પાણી ઉપરાંત લીંબુ પાણી, ઓઆરએસ, શૌચાલયની વ્યવસ્થા કરવામાં આવી છે.

સેલવાસ મેદાન ખાતે નમો મેડિકલનું ઉદ્‌ઘાટન કરવા ઉપરાંત વડાપ્રધાન મોદી ૪૮૫૦ કરોડથી વધુની કિંમતના ૯૬ પ્રોજેક્ટનો શિલાન્યાસ કરશે અને તૈયાર થયેલા પ્રોજેક્ટોને રાષ્ટ્રને સમર્પિત કરશે. આ પ્રોજેક્ટ્સમાં દાદરા અને નગર હવેલીના વિવિધ રસ્તાઓનું બ્યુટીફિકેશન, દાદરા અને નગર હવેલી જિલ્લામાં મોરખાલ, ખેરડી, સિંદોની અને મસાટ ખાતે સરકારી શાળાઓનો સમાવેશ થાય છે.આજે દમણમાં પીએમ ૧૩ કિમી લાંબો રોડ શો કર્યો હતો પાંચમી વખત દમણ આવેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીને આવકારવા લોકોમાં ઉત્સાહનો માહોલ જોવા મળ્યા હતાં એરપોર્ટથી મશાલ ચોક માર્ગ પર પીએમને આવકારવા લોકોની ભારે ભીડ ઉમટી હતી વડાપ્રધાન નરેન્દ્ર મોદીના રોડ શો દરમિયાન દમણમાં મીની ભારત જેવો દ્રશ્યો જોવા મળ્યા હતાં પીએમના રોડ શો વખતે પ્રદેશમાં વસતા જુદા જુદા રાજ્યોના લોકો પોતાની પરંપરાગત વેશભૂષા અને શૈલીમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીને આવકાર્યા હતાં સ્થાનિક આદિવાસી સંસ્કૃતિને પણ ઉજાગર કરતા પરંપરાગત લોકનૃત્યો દ્વારા વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું અભિવાદન કરવામાં આવ્યું હતું વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું દાઉદી વ્હોરા સમાજના આગેવાનોએ તેમનું સ્વાગત કર્યું હતું.આગેવાનોએ જણાવ્યું હતું કે વડાપ્રધાનની આ મુલાકાત વિશેષ છે આજે અનેક ભેટ તેમણે પ્રજાને આપી છે.માર્કેટ હોસ્પિટલ, રસ્તાઓ વિકાસ થઈ રહ્યો છે.

આ પહેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મંગળવારે કેરળની પ્રથમ વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનને લીલી ઝંડી બતાવી હતી. આ સિવાય તેમણે દેશની પ્રથમ વોટર મેટ્રો સેવાનું ઉદ્‌ઘાટન કર્યું હતું. મોદીએ તિરુવનંતપુરમમાં ડિજિટલ સાયન્સ પાર્કનો શિલાન્યાસ કર્યો અને વિવિધ પ્રોજેક્ટનું ઉદ્‌ઘાટન અને શિલાન્યાસ કર્યો હતો.પીએમ મોદી સેલવાસમાં જનસબાને સંબોધી હતી તેમણે સૌથી પહેલા હાજર તમામને પ્રધાનમંત્રીએ પૂછ્યું- કેમ છો બધા? તેમણે જઅવુયં હતું કે હું જ્યારે અહીં આવું છું મન આનંદથી ભરાઈ જાય છે’ ’કેન્દ્રશાસિત પ્રદેશની ખૂબી જોઈને કેન્દ્ર સરકાર અલગ અલગ સ્તરો પર ઝડપથી કામ કરી રહી છે’ ’આઝાદીના દસકાઓ વિતી ગયા પણ દમણ, દીવ, દાદરા અને નગર હવેલીમાં એક મેડિકલ કોલેજ નહોતી બની’ ૨૦૧૪માં તમે અમને સેવાનો અવસર આપ્યો તો અમે તમારી સેવાની ભાવનાથી કામ કરવાનું શરૂ કર્યું. તેનું પરિણામ છે કે, દમણ, દીવ, દાદરા અને નગર હવેલીને તેની પ્રથમ નમો મેડિકલ કોલેજ મળી ’આવનારા સમયમાં સેલવાસા અને આસપાસનો વિસ્તાર સ્વાસ્થય સુવિધાને લઈ બહુ મજબૂત થવાનો છે’

વડાપ્રધાને કહ્યું હતું કે હવે ગરીબ માતાનો દીકરો પણ ડોકટર બનવાનું સપનું સેવી શકે છે અમારી સરકારે દેશના ૩ કરોડથી વધુ ગરીબ પરિવારનો પાકું ઘર બનાવીને આપ્યું’ અમારી સરકારે અહીં સંઘપ્રદેશની હજારો મહિલાઓને પોતાના ઘરના માલિક બનાવવાનું કામ કર્યું છે’હવે તો મન કી બાતની આગામી રવિવારે સેન્ચુરી થવાની છે. તમારી સાથે મને પણ ૧૦૦માં એપિસોડનો ઈંતજાર છે’

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મંગળવારે કેરળની પ્રથમ વંદે ભારત ટ્રેનને લીલી ઝંડી બતાવી હતી. તેઓ સવારે ૧૧ વાગ્યે તિરુવનંતપુરમ સેન્ટ્રલ સ્ટેશન પહોંચ્યા અને તિરુવનંતપુરમ-કસારાગોડ વચ્ચે વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનને રવાના કરાવી હતી. બાદમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તિરુવનંતપુરમમાં દેશના પ્રથમ ડિજિટલ સાયન્સ પાર્કનો શિલાન્યાસ કર્યો હતો. આ પ્રોજેક્ટનો કુલ ખર્ચ ૧૫૧૫ કરોડ છે. પ્રથમ તબક્કામાં ૨૦૦ કરોડ ખર્ચવામાં આવશે. આ સિવાય પીએમએ દેશની પ્રથમ વોટર મેટ્રો સેવાનું પણ ઉદ્‌ઘાટન કર્યું હતું. પોર્ટ સિટી કોચીમાં બનેલ મેટ્રો કોચી શહેરને નજીકના ૧૦ ટાપુઓ સાથે જોડશે.કેરળના મુખ્યમંત્રી પિનારાઈ વિજયને કહ્યું હતું, ’વિશ્વકક્ષાની કોચી વોટર મેટ્રો એની યાત્રા માટે તૈયાર છે. એ કોચી અને એની આસપાસના ૧૦ ટાપુને જોડવાનો કેરળનો ડ્રીમ પ્રોજેક્ટ છે.

# નિયમોની અવગણના બદલ RBIની ચાર બેંકો સામે કાર્યવાહી : ૪૪ લાખનો દંડ ફટકારાયો

મુંબઈ,

ભારતીય રિઝર્વ બેંકે ફરી એકવાર બેંકો પર કાર્યવાહી કરી છે. બેંકે ૪ સહકારી બેંકો પર ૪૪ લાખ રૂપિયાનો ભારે દંડ ફટકાર્યો છે. નિયમોનું પાલન ન કરવાના કારણે બેંકે આ કાર્યવાહી કરી છે. આમાં ચેન્નઈની તમિલનાડુ સ્ટેટ એપેક્સ કો-ઓપરેટિવ બેંક પર ૧૬ લાખ રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો છે. આ સિવાય રિઝર્વ બેંકે વધુ ૩ બેંકો પર દંડ ફટકાર્યો છે. બેંકો આરબીઆઈએ કહ્યું હતું કે, કેન્દ્રીય બેંકનો ઉદ્દેશ્ય એ છે કે બેંકો દ્વારા રિઝર્વ બેંકના તમામ નિયમોનું પાલન કરવામાં આવે. ઉલ્લેખનીય છે કે, સેન્ટ્રલ બેંકે અગાઉ પણ નિયમોની અવગણના કરવા બદલ કરોડો રૂપિયાનો દંડ ફટકાર્યો છે. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા જે સહકારી બેંકોને દંડ કરવામાં આવ્યો છે તેમાં બોમ્બે મર્કેન્ટાઈલ કો-ઓપરેટિવ બેંકનો પણ સમાવેશ થાય છે. આ બેંક પર ૧૩ લાખ રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો છે. બેંક નિર્ધારિત સમયગાળામાં ડિપોઝિટર એજ્યુકેશન એન્ડ અવેરનેસ ફંડનું ભંડોળ ટ્રાન્સફર કરી શકી નથી. રિઝર્વ બેંકે પુણેની જનતા સહકારી બેંક પર ૧૩ લાખ રૂપિયાનો દંડ પણ લગાવ્યો છે. ડિપોઝિટ રેટ પર યોગ્ય સમયે વ્યાજ ન ચૂકવવા બદલ આ દંડ લગાવવામાં આવ્યો છે. તમિલનાડુ સ્ટેટ એપેક્સ કોઓપરેટિવ બેંક પણ ડીઈએએફ ના ભંડોળને સમયસર ટ્રાન્સફર કરી શકી નથી. આ સાથે, બેંકે નાબાર્ડને યોગ્ય સમયે થયેલા છેતરપિંડીના વ્યવહાર વિશે જાણ કરી ન હતી. આવી સ્થિતિમાં રિઝર્વ બેંકે આ બેંક પર ૧૬ લાખ રૂપિયાનો ભારે દંડ ફટકાર્યો છે. આ સિવાય બારન નાગરિક સહકારી બેંક, રાજસ્થાનને પણ ૨ લાખ રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો છે. નિયમોની અવગણના કરવા બદલ બેંક પર આ કાર્યવાહી કરવામાં આવી છે. આવી સ્થિતિમાં સવાલ એ થાય છે કે આરબીઆઈ દ્વારા ચાર બેંકો પર લગાવવામાં આવેલા ૪૪ લાખના દંડની બેંકના ગ્રાહકો પર શું અસર થશે? આ દંડને બેંકના ગ્રાહકો સાથે કોઈ લેવાદેવા નથી. બેંકો પર કામગીરી પૂર્ણ ન કરવા બદલ આ દંડ ફટકારવામાં આવ્યો છે. બેંકના ગ્રાહકોના ખાતાના ટ્રાન્જેકશન સાથે તેને કોઈ લેવાદેવા નથી.

# NIA ફરી એકવાર PFI પર દરોડા પાડ્યા

નવીદિલ્હી,

ફરી એકવાર તપાસ એજન્સીઓએ પીએફઆઈ પર દરોડા પાડ્યા છે. દેશભરમાં એનઆઈએના દરોડા પડયા છે. એનઆઈએએ યુપી, બિહાર અને મધ્યપ્રદેશમાં ૧૭ સ્થળો પર દરોડા પાડ્યા છે. તપાસ એજન્સીઓને ચોક્કસ ઈનપુટ મળ્યા હતા કે પીએફઆઈ સંસ્થા હજુ પણ ગેરકાયદેસર કામ કરી રહી છે. આ પછી એનઆઈએની વિવિધ ટીમો ૧૭ સ્થળો પર દરોડા પાડી રહી છે.



બિહારના ફુલવારી શરીફમાં એફઆઈઆર નોંધવામાં આવી હતી. આ અંગે દરભંગાના ઉર્દૂ માર્કેટમાં પણ દરોડા પાડવામાં આવ્યા છે. આ પહેલીવાર નથી જ્યારે તપાસ એજન્સીએ આવી કાર્યવાહી કરી હોય. આ વર્ષે જાન્યુઆરીમાં એનઆઈએએ ફરવાલી શરીફના ટેરરમોડ્યુલ સામે કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરી હતી. તેમાં કરાયેલા આક્ષેપો ખૂબ જ ભયાનક હતા. જો પીએફઆઈના આતંકી મોડ્યુલનો સમયસર પર્દાફાશ કરવામાં ન આવ્યો હોત તો તેના પરિણામો ઘાતક બની શકે છે.

એનઆઈએ એ તેની ચાર્જશીટમાં પીએફઆઈના ચાર સભ્યોના નામ આરોપી તરીકે જાહેર કર્યા હતા. તેમના પર ગેરકાયદેસર અને દેશ વિરોધી કામ કરવાનો આરોપ હતો. ગયા વર્ષે સપ્ટેમ્બર ૨૦૨૨ માં,પીએફઆઈ સમગ્ર ભારતમાં કડક કરવામાં આવ્યું હતું. ૨૨ અને ૨૭ સપ્ટેમ્બરે મોટા પાયે દરોડા પાડવામાં આવ્યા હતા અને ત્યારબાદ સેંકડો લોકોની ધરપકડ કરવામાં આવી હતી. ૨૮ સપ્ટેમ્બરના રોજ, ગૃહ મંત્રાલયે પીએફઆઈ પર પાંચ વર્ષ માટે પ્રતિબંધ મૂક્યો હતો. આ સાથે તેના અનેક સહયોગી સંગઠનો પર સ્કૂ કડક કરવામાં આવ્યો હતો.



મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા

પંચમહાલ સમાચાર

# સંતરામપુર તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં ઘર આંગણે આરોગ્યની સુવિધા હેતુ હેલ્થ વેલેન્ટ સેન્ટર ખોલવામાં આવ્યા

સંતરામપુર,

સંતરામપુર તાલુકાના ઉમેર ગામે આરોગ્ય વિભાગનું સબ સેન્ટરમાં ખંભાતી તાળું. સંતરામપુર તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં ગુજરાત સરકાર દ્વારા વિસ્તારમાં રહેતા લોકો એક ગરીબ પરિવારો લાભ મળી રહે આવી કાળજાળ મોંઘવારીમાં ગરીબ પરિવારો ખાનગી હોસ્પિટલમાં સારવાર કરાઈ ના શકે અને જઈ ના શકે તે માટે ગામડે ગામડે આરોગ્ય વિભાગના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર સબ સેન્ટર સામૂહિક આરોગ્ય કેન્દ્ર સંપૂર્ણ સુવિધા સાથે સરકાર દ્વારા ખોલવામાં આવેલા હતા અને છેલ્લા બે વર્ષથી ગ્રામ્ય વિસ્તારમાં ગામ ઘર આંગણે મોટી સંખ્યામાં સબ સેન્ટર પર ખોલવામાં આવેલા હતા. સરકાર દ્વારા આટલી મોટી રકમ ખર્ચ અને આટલા પ્રયાસો કર્યા પછી પણ આરોગ્ય વિભાગના કર્મચારીઓની ગુલ્લીબાજ જોવા મળી આવેલી છે.


તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

ગમે ત્યારે પણ દર્દીઓ સારવાર માટે જતા હો ત્યારે બપોરના સમયે જ સબ સેન્ટર બંધ કરીને કર્મચારીઓ ગાયબ થઈ જતા હોય છે અને વારંવાર એક જ જવાબ મળતો હોય છે કે મિટિંગમાં ગયેલા છીએ. જિલ્લા આરોગ્ય વિભાગ અધિકારી દ્વારા જો સબ સેન્ટર અને સામૂહિક આરોગ્ય કેન્દ્ર પર અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર પર આકસ્મિત તપાસ કરવામાં આવે તો સંતરામપુર તાલુકાની આરોગ્ય વિભાગની સાચી હકીકત બહાર આવી શકે છે. સરકારના નીતિ નિયમ મુજબ સબ સેન્ટર પર ફરજિયાત એક એફએસડબલ્યુ અથવા આખો દિવસ એક કર્મચારીને દવા ગોળી આપવા માટે હાજર અને ફરજિયાત રહેવાનું નિયમ હોય છે. તેમ છતાં તેમની મનમાંની આ કારણે ગ્રામ્ય વિસ્તારના લોકોને સારવાર કરવા માટે ક્લિનિકો પર જવા મજબૂર બનતા હોય છે. અત્યારે બિલાડીની ટોપની જેમ બીએચના ડિગ્રી ધરાવતા ડોકટરો ગામડે ગામડે ક્લિનિક ખોલીને બેસી ગયા છીએ આરોગ્ય વિભાગની કર્મચારીના અને ડોક્ટરોની ગુલ્લીબાગના કારણે દર્દીઓનો ભરોસો ઉઠી ગયો છે. જેથી કરીને દર્દીઓ મોટા પ્રમાણમાં ખાનગી દવાખાના નામા સારવાર કરાવતા હોય છે, કર્મચારી અને તબીબો સરકારનું પગાર લે છે પરંતુ જવાબદારી પૂર્વક કામગીરી નિભાવતા નથી. ગ્રામ્ય વિસ્તારના દર્દીઓની માંગણી છે કે નિયમ મુજબ સીએસસી પર અને સબ સેન્ટર પર નજીકના આઠ કિલોમીટરની અંતર હેડ કોટર્સમાં કે મકાન ભાડે રાખીને રહે જેથી કરીને ગામડાના દર્દીઓને સારવાર અને સેવા પૂરીમાં રહે તેવી માંગણી ઊભી થઈ ગઈ.

# બાલાસિનોર ખાતે સ્થળ પર જ લોકોના પ્રશ્નો હલ કરવા યોજાયો સ્વાગત કાર્યક્રમ



મહીસાગર,

ગુજરાત રાજ્ય સરકાર દ્વારા લોકભિમુખ વહીવટના ૨૦ વર્ષની ઉજવણી કરવામાં આવી રહી છે. SWAGAT20 અંતર્ગત જિલ્લા પ્રાયોજના વહીવટદારના અધ્યક્ષ સ્થાને બાલાસિનોર પ્રાંત કચેરીમિટિંગ હોલ ખાતે તાલુકા સ્વાગત કાર્યક્રમ યોજાયો હતો.

અરજદારોના પ્રશ્નોનું સ્થળ પર જ નિરાકરણ એ રાજ્ય સરકારનો ઉમદા અભિગમ છે. બાલાસિનોર તાલુકાના અરજદારોના પ્રશ્નોને લઈ જિલ્લા પ્રાયોજન વહીવટદાર એ અરજદારોની અરજીઓ સંદર્ભે સ્થળ પર જ પ્રશ્નોના નિરાકરણને લઈ સંબંધિત અધિકારીઓને સૂચના આપી હતી.

રાજ્યમાં સુશાસન વ્યવસ્થા થકી આજે પારદર્શિતામાં ઉમેરો થાય તે ઉપરાંત વહીવટી વ્યવસ્થામાં પણ હકારાત્મક પરિવર્તન આવે તેવા અભિગમ સાથે અરજદારના પ્રશ્નનું નિરાકરણ લાવવા સ્વાગત કાર્યક્રમે મહત્વનું ઉદાહરણ સ્થાપિત કર્યુ છે. સ્વાગત કાર્યક્રમ થકી સુશાસન વ્યવસ્થા વધુમાં વધુ સુદ્રઢ બની છે, ઉપરાંત વહીવટી વ્યવસ્થા પણ લોકાભિમુખ બની છે. આ કાર્યક્રમ માં પ્રાંત અધિકારી બાલાસિનોર, તાલુકા અધિકારીઓ સહિત અરજદારો ઉપસ્થિત રહ્યા હતા.

# ફરિયાદોનું સ્વાગત : ફરિયાદોનું નિવારણ ના ધ્યેય સાથે બાલાસિનોર ખાતે સ્વાગત કાર્યક્રમનું આયોજન

મહીસાગર,

સમસ્યાઓના ત્વરિત સમાધાન કરતા કાર્યક્રમ સ્વાગત થકી નાગરિકોના વણ ઉકેલ્યા પ્રશ્નોનું નિરાકરણ કરવામાં આવે છે. અરજદારોએ આ કાર્યક્રમ થકી વર્ષોથી ચાલી આવતી ઘણી સમસ્યાઓના ઉકેલ મેળવ્યા છે. ત્યારે સ્વાગત કાર્યક્રમના ૨૦ વર્ષ પૂર્ણ થવાના અવસરે જિલ્લામાં સ્વાગત સપ્તાહની ઉજવણીના ભાગ રૂપે, મહીસાગર જિલ્લાનાં બાલાસિનોર પ્રાંત ક્ચેરી મિટિંગ હોલ ખાતે પ્રાયોજના વહીવટદારના અધ્યક્ષ સ્થાને યોજાયેલાં તાલુકા સ્વાગત કાર્યક્રમ અંતર્ગત અરજદારોએ પોતાની સમસ્યાઓના ઉકેલ કે સમાધાન મળતા સંતોષની લાગણી વ્યક્ત કરી હતી.



આવા જ અનેક અરજદારો પૈકીના એક ૭૬ વર્ષીય ચૌહાણ રૂપસિંહ બાલાસિનોર તાલુકાના પાંડવા ગામના વતની છે, તેઓ માનવ સેવા કેન્દ્ર સાથે સંકળાયેલ છે. તેમણે સ્વાગત કાર્યક્રમ દરમિયાન જન સામાન્ય ને લાગુ પડતી રજૂઆત કરી હતી. ગામના રસ્તા, વીજળીની સમસ્યા, એસ.ટી. બસની સુવિધા જેવી અનેક સમસ્યાઓના નિકાલ માટે તેમણે પ્રાયોજના વહીવટદાર સમક્ષ પોતાની રજુઆત કરી હતી. પ્રાયોજના વહીવટદાર દ્વારા જે તે વિભાગને લાગુ પડતી બાબતો અંગે ઉપસ્થિત અધિકારીઓને સવાલ જવાબ કરી તરત જ તમામા સમસ્યાના ઉકેલ માટે પ્રયત્ન કરવા આદેશ અપાયા હતા. આ સમગ્ર સુચારૂ આયોજન બદલ રૂપસિંહ ચૌહાણે તંત્ર તથા સ્વાગત કાર્યક્રમ બદલ સરકારના તમામ પ્રયત્નો માટે ખુશી વ્યક્ત કરી હતી.

વધુમાં રૂપસિંહ એ જણાવ્યું હતું કે, આવા સામાન્ય પ્રશ્નો કરવા જવા માટે અલગ અલગ વિભાગમાં જવુ પડે સમય અને પૈસા બંનેનો ખર્ચ થાય, પરંતુ સરકારના આ હકારાત્મક અભિગમને કારણે આજે એક જ સ્થળેથી હું મારા તમામ પ્રશ્નો રજુ કરવા સક્ષમ બન્યો છું.

# શહેરા પાલિકા દ્વારા નવી પાણી ટાંકીની પાઈપ લાઈન શરૂ કરતાં નગરજનોને પાણી નિયમત નહિ મળે

શહેરા,

શહેરામાં પાલિકા દ્વારા નવી પાણી ની ટાંકીની પાઈપલાઈનની કામગીરી શરૂ કરવામાં આવતા પાણીનો પુરવઠો ૨૫દિવસ સુધી નિયમિત નહિ મળશે. જેને લઈને નગર વિસ્તારમાં પાણીની સમસ્યા સર્જાશે તેવી શક્યતાઓ જોવા મળી રહી છે.

શહેરા નગરના મુખ્ય તળાવ નજીક હાલમાં જ નગરપાલિકા દ્વારા ૧૫ લાખ લીટરનો ઈ.એસ.આર. (એલીવેટેડ સરફેસ રિઝર્વર) અને ૩૦ લાખ લીટરનો અંડર ગ્રાઉન્ડ પાણીનો સંપ બનાવવામાં આવ્યો છે. ત્યારે આ નવીન બનાવેલ ઈ.એસ.આર. અને સંપની મોટર પમ્પિંગ અને પાઈપ લાઈન જોડાણની કામગીરી હાથ ધરવામાં આવી છે. આ કામગીરી ચાલી રહી હોવાને લઈને નગરપાલિકાને પૂરૂં પાડવામાં આવતી પાનમ ડેમની લાઈનમાંથી પાણીનો પુરવઠો બંધ કરવામાં આવતા પાણીની આવકમાં ઘટાડો થયો છે અને હાલ છોગાળા ખાતેથી શહેરા નગરપાલિકાને પાણીનો પુરવઠો પૂરો પાડવામાં આવી રહ્યો છે. જેથી નગરપાલિકા તંત્ર દ્વારા નાગરિકોને ૨૦ થી ૨૫ દિવસ સુધી પાણીનો પુરવઠો નિયમિત ન આપવાની જાહેરાત કરાઈ છે. સાથે જ પાણીનો વપરાશ કરકસરથી કરવા અને પાણીનો બગાડ ન કરવા પણ નાગરિકો ખાસ અપીલ કરવામાં આવી છે. જેની પોસ્ટ પણ સોશિયલ મીડિયા મારફતે નગરજનો સુધી પહોંચાડવામાં આવી છે. જોકે આ નવીન પાઈપ લાઈનની કામગીરી પૂર્ણ થવામાં આશરે એકાદ માસ જેટલો સમય લાગી શકે તેમ હોવાથી આ કામગીરી પૂર્ણ થયા બાદ નગરજનોને નિયમિત રીતે પાણીનો પુરવઠો મળી શકે તેમ છે.

# મહીસાગર જિલ્લામાં કરાર આધારીત કાયદા સલાહકારની નિમણૂંક માટે

મહીસાગર,

મહીસાગર જિલ્લામાં જમીન મહેસૂલ તથા નાણાંકીય દાવાઓમાં સક્ષમ અધિકારીના નિર્ણયથી નારાજ થનાર પક્ષકારો દ્વારા દાખલ થતા દાવાઓમાં સબળ રજુઆત તથા સરકારનું હિત જળવાઈ રહે તે માટે રજુઆત કરવા રૂ.૬૦,૦૦૦/-ના ફિક્સ પગારથી ૧૧ માસની મુદ્દત માટે કરાર આધારિત કાયદા સલાહકારની ૧(એક) જગ્યા પર ઠરાવેલ બોલીઓ અને શરતો મુજબ નિમણૂંક કરવા ઉમેદવારો પાસેથી અરજીઓ મંગાવવામાં આવે છે.

અરજદારની ઉંમર ૫૦(પચાસ) વર્ષથી વધુ હોવી જોઈએ નહી. આ અંગેના અરજીપત્રકનો નમુનો તથા મહેસૂલ વિભાગના તા.૦૬/૦૩/૨૦૧૨ના ઠરાવથી નક્કી કરેલ કરાર આધારિત કાયદા અધિકારીઓની નિમણૂંક અંગેના નિમણૂંકની બોલીઓ અને શરતો, ફરજો અને જવાબદારીઓ, અનુભવ, લાયકાત પરિશિષ્ટ-૧,૨,૩ તથા અન્ય આનુષાંગિક માહિતી https://mahisagar.gujarat.gov.in પરથી મેળવી શકાશે.

અરજીફોર્મ, આનુષાંગિક પુરાવા અત્રેની કલેકટર કચેરીની રજીસ્ટ્રી શાખા ખાતે રૂબરૂ અથવા ટપાલ (આર.પી.એડી/સ્પીડ પોસ્ટ) દ્વારા તા.૧૫/૦૫/૨૦૨૩ સુધીમાં મળી રહે તે રીતે મોકલી આપવામાં રહેશે.

અનુભવ તથા લાયકાત માટે પરિશિષ્ટ-૩ની જોગવાઈ લક્ષમાં લેવાની રહેશે. કરાર આધારિત નિમણૂંક પામેલ કાયદા સલાહકારએ પરિશિષ્ટ-૧ તથા ૨ ની સૂચનાઓનું પાલન કરવાનું રહેશે તથા મહીસાગર જિલ્લાને લગતી કામગીરી કરવાની રહેશે. અખબારીયાદીમાં આપેલ મુદ્દત સુધીમાં રજૂ થયેલ અરજીઓની પ્રાથમિક ચકાસણી કરી અધૂરી વિગતોવાળી અરજીઓ તેમજ જરૂરી લાયકાત વગરની અરજીઓ દફતરે કરવામાં આવશે. આ અંગે કોઈ વાંધો-તકરાર ઉપસ્થિત થાય તો તેનો આખરી નિર્ણય અંત્રેનો રહેશે.

માન્ય રહેલ અરજીઓના અરજદારઓને ઈન્ટરવ્યુની તારીખ નિયત કરી ઈન્ટરવ્યુ માટે હાજર રહેવા જાણ કરવામાં આવે ત્યારે સ્વખર્ચે તમામ અસલ પ્રમાણપત્રો સાથે નિયત તારીખ, સમય અને સ્થળે હાજર રહેવાનું રહેશે, વિશેષમાં અરજી પત્રક તથા કવરના મથાળે- કરાર આધારિ કાયદા સલાહકારની જગ્યાની ઉમેદવારી માટેનું અરજીફોર્મ તેમ મોટા અક્ષરે લખવાનું રહેશે. તેમ મહીસાગર નિવાસી અધિક કલેક્ટર સી.વી લટાની અખબારીયાદીમાં જણાવાયું છે.

# સંજેલીમાં જસુણી ગામે ઢાળિયામાં દોરડું બાંધી ગળે ફાંસો ખાચ જીવન ટૂંકાવી લેતા ચકચાર મચી જવા પામી

દાહોદ,

બનાવ સંદર્ભે પરિવારને જાણ થતા પરિવારમાં શોકનું માતમ છવાયું છે. જેમાં સંજેલી પોલીસ મથકે ફરિયાદ નોંધવામાં આવી છે. ત્યારે સંજેલી તાલુકાના જસુણી ગામે ઘર નજીક આવેલા ઢાળિયામાં વળી સાથે દોરડું બાંધી અને જીવન લીલા સંકેલી લેતા ચકચાર મચી જવા પામી છે. સંજેલી તાલુકાના જસુણી નિશાળ ફળિયામાં રહેતા ૨૧ વર્ષીય મુકેશભાઈ સુરેશભાઈ ભેદીએ ઘર નજીક આવેલા ઢાળિયામાં વળી સાથે દોરડું બાંધી અને ગળે ટૂંપો દઈ જીવન લીલા સંકેલી લેતા જશુણી સહિત તાલુકામાં ચકચાર મચી જવા પામી. બનાવ સંદર્ભે પરિવારને જાણ થતા પરિવારમાં શોકનું માતમ છવાયું હતું. લાશને સંજેલી સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે પોસ્ટમોર્ટમ ખાતે ખસેડવામાં આવ્યું હતું. બનાવ સંદર્ભે સંજેલી પોલીસ મથકે મહેન્દ્રભાઈ વિક્રમભાઈ ભેદીએ ફરિયાદ નોંધાવી હતી.

# નવા ફળિયા વર્ગ પ્રાથમિક શાળામાં અનોખી રીતે ઈનામ વિતરણ અને વિદાય સમારંભ નો કાર્યક્રમ કરવામાં આવ્યો

ગોધરા,

નવા વર્ગ પ્રાથમિક શાળાના શિક્ષકો આચાર્ય દ્વારા નવા ફળિયા વર્ગ પ્રાથમિક શાળાના બાળકો માટે બાળકોને શિલ્ડ પ્રમાણપત્ર આપી કેક કાપીને વિદાય આપવામાં આવી હતી. તેમજ શાળાના સ્ટાફ મિત્ર તરફથી તિથિ ભોજન રાખવામાં આવ્યું હતું. સાથે સાથે ગરબાડા તાલુકાના આસિસ્ટન્ટ તાલુકા વિકાસ અધિકારી પટેલ હાજર રહ્યા હતા. જેવો એ પણ છ થી આઠના તમામ બાળકોને ઈનામ આપ્યું હતું. આસિસ્ટન્ટ ટીડીઓ મહેશ પટેલ દ્વારા બાળકોને ખૂબ જ સારૂં એવું માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ધોરણ છ થી આઠમાં ભણતા બાળકોમાં ખૂબ જ સારૂં એવું નામ આખા વર્ષ દરમિયાન કર્યું હોય તેમ જ એનએમએમએસ અને પીએસસીની પરીક્ષા પાસ કરી હોય તેવા બાળકોને શિલ્ડ અને પ્રમાણપત્ર પણ આપવામાં આવ્યા હતા. બાળકોએ પોતાના પ્રતિભાવો રજૂ કરી બાળકોએ વિદાય ગીત રજૂ કર્યા હતા અને અંતમાં બાળકોએ પોતાના ખર્ચે શાળાને ડિજિટલ ઘડિયાળ તેમજ એક ફ્રેમ ફોટો ફ્રેમ ભેટમાં આપી હતી. આ વિદાય સમારંભમાં ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ પણ હાજર રહ્યા હતા.

# કડાછલા ગામે સાંસદના નિવાસ્થાને નાગેશ્વરી માતાજીની પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવને બેઠક યોજાઈ



બાલાસિનોર,

પંચમહાલ લોકસભાના સાંસદ રતનસિંહ રાઠોડના નિવાસસ્થાને કડાછલા મુકામે નાગણેશ્વરી માતાજીની પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવની તૈયારીના ભાગરૂપે બાલાસિનોર ભાજપ કાર્યાલય ખાતે આજ રોજ અગત્યની મિટિંગ રાખેલ હતી. જેમાં પૂર્વ ધારાસભ્ય અને દાહોદ જિલ્લાના પ્રભારી રાજેશભાઈ પાઠક, મહીસાગર જિલ્લા મહામંત્રી જયેન્દ્રભાઈ બારોટ, ઉપપ્રમુખ જેઠા ભાઈ વણકર તથા ભારતીય જનતા પાર્ટીના તમામ કાર્યકરો અને હોદેદારો ડોક્ટર સેલ, વેપારી એસોસિયેશન, વકીલ એસોસિયેશન હાજર રહ્યા હતા. પંચમહાલ લોકસભાના સાંસદ આદરણીય રતનસિંહ રાઠોડના નિવાસ સ્થાને કડાછલા મુકામે નાગણેશ્વરી માતાજીની પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવની તૈયારીના ભાગરૂપે બાલાસિનોર ભાજપ કાર્યાલય ખાતે આજરોજ અગત્યની મિટિંગ રાખેલ હતી. જેમાં પૂર્વ ધારાસભ્ય અને દાહોદ જિલ્લાના પ્રભારી રાજેશભાઈ પાઠક, મહીસાગર જિલ્લા મહામંત્રી જયેન્દ્રભાઈ બારોટ, ઉપપ્રમુખ જેઠાભાઈ વણકર તથા ભારતીય જનતા પાર્ટીના તમામ કાર્યકરો અને હોદેદારો ડોક્ટર સેલ, વેપારી એસોસિયેશન, વકીલ એસોસિયેશન હાજર રહ્યા હતા.

# ઉચવાણીયા ગામે ધારાસભ્યની ઉપસ્તિથીમાં બુથ સશકિતકરણ અંતર્ગત બેઠક યોજાઈ

દાહોદ,

વાત કરવામાં આવેતો તારીખ ૨૩મી એપ્રિલના રોજ દાહોદ જિલ્લા ભાજપ દ્વારા ગામડે ગામડે આગામી કાર્યક્રમોને લઈને તેની તૈયારીના ભાગરૂપે તેમજ વધુમાં વધુ નાગરિકો આવનાર સુધારૂં રૂપે યોજાનારા કાર્યક્રમોમાં ભાગ લઈ શકે તે માટે બેઠકોનો દોર યોજવામાં આવી રહ્યો છે અને તેને લઈને જ દાહોદના ધારાસભ્ય કનૈયાલાલ કિશોરીની ઉપસ્થિતિમાં દાહોદ તાલુકાના ઉચવાણીયા ગામે જિલ્લા પંચાયત સીટની બુથ સશકિતકરણ અંતર્ગત બેઠક મળી જેમાં કાર્યકર્તાઓને સરલ એપ વિશે માહિતગાર કરીને પ્રધાનમંત્રી નરેન્દ્રમોદીના ૧૦૦ મી ''મનકી બાત'' કાર્યક્રમના આયોજન માટે સવિસ્તાર ચર્ચા કરવામા આવી હતી. તેમજ વધુમાં વધુ લોકોને જોડવાની ચર્ચાઓ પણ કરવામાં આવી હતી.

# હાલોલ ઝેવરનગર રહેણાંક મકાન માંથી વિદેશી દારૂ સાથે આરોપી ઝડપ્યો

હાલોલ,

હાલોલના ઝેવરનગર કંજરી રોડ ઉપર પોતાના રહેણાંક મકાનમાં ઈંગ્લીશ દારૂનો જથ્થો રાખેલ હોય તેવી બાતમીના આધારે પોલીસે રેઈડ કરી ૧૬૮૦/-રૂપીયાના દારૂ આરોપીને ઝડપી પાડવામાં આવ્યો.

પ્રાપ્ત વિગતો મુજબ હાલોલના ઝવેરનગર કંજરી રોડ ઉપર રહેતા બીપીનકુમાર વસંતભાઈ પ્રજાપતિ પોતાના રહેણાંક મકાનમાં ઈંગ્લીશ દારૂ રાખેલ હોય તેવી બાતમીના આધારે પોલીસે રેઈડ કરી રસોડા માંથી વિદેશી દારૂની કાચની બોટલ નંગ-૩ કવાટરીયા નંગ-૪ મળી કુલ ૧૬૮૦/-રૂપીયાના જથ્થા સાથે આરોપીને ઝડપી પાડવામાં આવ્યો.

# સુરત પોલીસે ચેન્નાઈમાંથી નકલી ચલણી નોટો છાપવાનું કારખાનું ઝડપી પાડ્યું

સુરત,

સુરત શહેર પોલીસને નકલી ચલણી નોટ છાપવાનું કારખાનું પકડવામાં ખૂબ મોટી સફળતા મળી છે. સુરત એસઓજી દ્વારા ચેન્નાઈ ખાતેથી નોટ છાપવાનું એક કારખાનું ઝડપી પાડ્યુંછે. પોલીસ દ્વારા આ મામલે નકલી નોટ છાપતા મુખ્ય આરોપીની ધરપકડ પણ કરવામાં આવી છે અને તેની પાસેથી ૧૭ લાખ રૂપિયાની ભારતીય ચલણી નોટો કે જે નકલી હતી તે ઝડપી પાડવામાં આવી છે. આ આરોપીએ અત્યાર સુધીમાં ૨ કરોડ ૧૨ લાખ ૩૮ હજાર રૂપિયાની નકલી નોટો અલગ અલગ રાજ્યમાં મોકલી હોવાનો પણ ખુલાસો થયો છે.

સુરતના અમરોલી પોલીસને જાગૃત નાગરિક દ્વારા માહિતી આપવામાં આવી હતી કે શાંતિલાલ મેવાડા નામનો ઈસમ નકલી ચલણી નોટો માર્કેટમાં ફરતી કરી રહ્યો છે. તેથી આ સમગ્ર મામલે પોલીસ દ્વારા શાંતિલાલ મેવાડા, વિષ્ણુ મેવાડા નામના ઈસમોની ધરપકડ કરી હતી. ત્યારબાદ શાંતિલાલ અને વિષ્ણુને નકલી નોટ પૂરી પાડતો ઈસમ કેજે બેંગ્લોરમાં રહેતો હતો તેની પણ ધરપકડ પોલીસ દ્વારા કરવામાં આવી હતી અને તેનું નામ માઈકલ હોવાનું સામે આવ્યું છે.

માઈકલ નામના આરોપીની સુરત દ્વારા પૂછપરછ કરવામાં આવતા ધ્યાનમાં આવ્યું હતું કે માઈકલ કે જે શાંતિલાલ મેવાડાને નકલી નોટની સપ્લાય કરતો હતો. તે આ નકલી નોટો ચેન્નઈમાં રહેતા સુર્યા સેલવા રાજ નામના પાસેથી મેળવતો હતો. તેથી જીંટ દ્વારા ચેન્નાઈ પોલીસને સાથે રાખીને બાતમીના આધારે ૨૧ એપ્રિલના રોજ વહેલી સવારે આરોપી સૂર્યના ઘરે રેડ કરી તેને પકડવામાં આવ્યો હતો અને આરોપીના ઘરેથી જ નકલી ભારતીય ચલણી નોટો છાપવાનું એક કારખાનું પણ મળી આવ્યું હતું. આરોપીના ઘરેથી પોલીસ દ્વારા ૧૭ લાખ રૂપિયાની બનાવટી ચલણી નોટો જપ્ત કરવામાં આવી છે. આ ઉપરાંત ત્રણ કલર પ્રિન્ટર, કટર મશીન ત્રણ, લેમિનેશન અને હિટિંગ મશીન, માર્કર સિક્યુરિટી થ્રેડ ૭૦ નંગ અને ૨૦ નંગ ચાઈના કાગળનો મુદ્દા માલ પણ જપ્ત કરવામાં આવ્યો છે.

આરોપી સૂર્યની પૂછપરછ કરતા પોલીસને માહિતી મળી હતી કે તે ૨૦૧૬-૧૭માં શેર બજારમાં કામ કરતો હતો. ત્યારે નુકસાન થયું હતું અને શોર્ટકટમાં પૈસા કમાવવા માટે તેને આ રસ્તો અપનાવ્યો હતો. આરોપી દ્વારા થ્રીડી એનિમેશનનો કોર્સ પણ કરવામાં આવ્યો હતો અને તેના કારણે તેને નોટ બનાવવાનો વિચાર આવ્યો. ત્યારબાદ ઈન્ટરનેટના માધ્યમથી અલગ અલગ વિગતો સર્ચ કરીને નોટ બનાવવાનું તેને શીખ્યું હતું. ત્યારબાદ આરોપીએ રાઈટ વે કેપિટલ નામની એક કંપની ૨૦૨૨માં સ્થાપી હતી અને ગ્રાહકો સાથે તે સ્ટેમ્પ પેપર પર એગ્રીમેન્ટ કરતો હતો તેનો કાગળ નકલી ચલણી નોટ બનાવવા માટે યોગ્ય લાગ્યો અને ત્યારબાદ ૨૦૨૨માં નોટ બનાવવાનું શરૂ કર્યું.

૨૦૨૨ના ઓગસ્ટ મહિનામાં આરોપીએ નોટ બનાવવા માટે સાધન સામગ્રી ખરીદી હતી અને તેને પોતાના ઘરે જ નકલી નોટ છાપવાનું શરૂ કર્યું. સૌ પ્રથમ તે નકલી નોટ છાપવામાં સફળ થયો હતો. આ દરમિયાન તેણે ઈન્ટરનેટના માધ્યમથી બિહાર રાજ્યનો એક વ્યક્તિને તેના સંપર્કમાં આવ્યો હતો તેની પાસેથી નકલી નોટ બનાવવા માટે કોટન ચાઈના પેપર તેમજ સિક્યુરિટી થ્રેડ ઓનલાઈનથી મંગાવ્યા હતા. મહત્વની વાત કહી શકાય કે આ નોટ છાપ્યા બાદ તેને તમિલનાડુમાં એક વ્યક્તિને ૫૦,૦૦૦ રૂપિયાની નકલી નોટો ૧૫ હજાર રૂપિયાના ભાવે આપી હતી.

પોલીસની તપાસમાં સામે આવ્યું છે કે આરોપી માઈકલ દ્વારા ડિસેમ્બર ૨૦૨૨થી આજ દિન સુધીમાં ૭૯ લાખ રૂપિયાની ચલણીનો સુર્યા પાસેથી લેવામાં આવી હતી અને ૭૯ લાખની નકલી નોટના બદલામાં આરોપીએ ૧૫ લાખ રૂપિયા વાસુલ્યા હતા. આરોપી સૂર્યા ક્યારેક આ ચલણી નોટો રૂબરૂ તો ક્યારેક કુરિયર કંપનીની મદદથી સહ આરોપીને મોકલતો હતો અને જાન્યુઆરી ૨૦૨૩માં તેને હૈદરાબાદમાં રહેતા એક વ્યક્તિને ૫૨ લાખની બનાવટી ભારતીય ચલણી નોટો આપી હતી.

# રાજકોટમાં છરીની અણીએ ૧૫ વર્ષની સગીરા પર દુષ્કર્મ

રાજકોટ,

રાજકોટમાં છરીની અણીએ ૧૫ વર્ષની સગીરા ઉપર દુષ્કર્મ ગુજારાયુંછે, જેમાં ગંજીવાડાના હમીદ કંડીયા નામના શખ્સ સામે ગુનો દાખલ થયો છે. આરોપી પાડોશમાં જ રહેતો હોય સગીરા પર નજર બગાડી ધમકીઓ આપી અવારનવાર દેહ પીંખ્યો હોવાનો આરોપ લગાવાયો છે. રાજકોટમાં તાજેતરમાં જ અનેક દુષ્કર્મની ઘટનાઓ બની છે. દરરોજ આવા કિસ્સા સામે આવતા ચકચાર મચી છે. હાલના કિસ્સાની વિગત એવી છે કે થોરાળા પોલીસ મથકે ૧૫ વર્ષની સગીરા ઉપર છરીની અણીએ અનેક વખત દુષ્કર્મ આચરવામાં આવ્યું હોવાની ફરિયાદ નોંધાઈ છે. ફરિયાદમાં કરાયેલા આક્ષેપ મુજબ આરોપી હમદ અયુબ કંડીયા (ઉ.વ.૨૫) મજુરી કામ કરે છે અને ગંજીવાડા વિસ્તારમાં રહે છે. ભોગ બનનાર સગીરા પર તેના પાડોશમાં જ રહે છે. હમીદે પ્રથમ સગીરાને પ્રેમજાળમાં ફસાવી હતી અને પછી એક વખત એકાંતનો લાભ લઈ શરીર સંબંધ બાંધવા પ્રયાસ કર્યો હતો. જોકે સગીરાએ વિરોધ કરતા હમીદે પોતાની પાસે રહેલી છરી કાઢી સગીરાને ધમકાવી હતી અને દુષ્કર્મ આચર્યુ હતું. એકવાર આ ઘટના બન્યા પછી તો હમીદ અવારનવાર સગીરાનો દેહ પીંખવા પહોંચી જતો અને પોતાની હવસ સંતોષતો હતો. હાલ પોલીસે આક્ષેપો મુજબ ફરીયાદ નોંધી આરોપીને સકંજામાં લીધો છે. અને વધુ તપાસ હાથ ધરી છે.

# આપની આજ.......

મેષ : પરિવારમાં કોઈ શુભ કામનું આયોજન કરવામાં આવે તેવી સંભાવના છે. લગ્ન કરવા માગતા વ્યક્તિની વાત આગળ વધી શકે છે. રોજગારી મેળવનારા યુવાનોને સફળતા મળશે.

વૃષભ : આજે સખત મહેનતની સ્થિતિ ઓછી રહેશે, તેનાથી વિપરિત મહત્વાકાંક્ષા વધારે રહેશે. નાની બાબતોમાં ઘરનું વાતાવરણ ઉગ્ર બની શકે છે. બાળકોની જીદને લીધે ચિંતા થઈ શકે છે. લવ લાઈફ સ્થિરતા લાવશે.

મિથુન : આજે દરેક કાર્યમાં વિજયનો દિવસ રહેશે, પરંતુ આ સમય માટે યોગ્ય રીતે ઉપયોગ કરવો પડશે. પિતાના માર્ગદર્શનથી ઘરની સમસ્યાઓ ક્ષેત્રે ઉકેલાશે.

કર્ક : આજીવિકાના ક્ષેત્રમાં તમારા અનુભવને અન્ય લોકો પણ જાણવા લાગ્યા છે, થોડા દિવસો પછી નવી તકો પણ મળી શકે છે. જો વ્યવસાય સામાન્ય હોય તો પણ તેમની પોતાની ભૂલોને લીધે તેઓ તેમના લાભથી વંચિત રહેશે.

સિંહ : લાંબા સમયથી મિત્ર સાથેનો તણાવ સમાધાનના સ્તરે સમાપ્ત થશે. તમને આમાં રાહત મળશે ત્યાં તો કોઈ ઉપયોગી વ્યક્તિનો તમારા જીવનમાં પાછા આવવાનો આનંદ પણ રહેશે. આર્થિક બાજુ સારી રહેશે અને દૈનિક વેપારીઓને ધનનો લાભ મળશે.

કન્યા : તમારા મતે કાર્યકારી વાતાવરણમાં સુધારો થશે અને સાથીદારોના સહયોગથી પ્રોજેક્ટ સમયસર પૂર્ણ થશે. આરોગ્ય સારું રહેશે, છતાં ભીડવાળી જગ્યાઓ પર જવાનું ટાળો. જો તમારા પૈસા કોઈ યોજના અથવા યોગ્ય રોકાણ માટે ખર્ચ કરવામાં આવે તો તે વધુ સારું રહેશે.

તુલા : વ્યવસાયમાં અગાઉ લેવાયેલા નિર્ણયો આજે સાર્થક થઈ શકે છે, તેથી નફાની પરિસ્થિતિઓમાં વિકાસ થશે. વિદેશી કંપની સાથેની વ્યવસાયિક ભાગીદારી માટે સમય સારો છે. વિવાહિત જીવનમાં મધુરતા આવશે.

વૃશ્ચિક : આજે ભાઈઓ સાથે મર્યાદિત વર્તન કરવું સારું રહેશે, નહીં તો થોડો માનસિક ત્રાસ આવી શકે છે. પારિવારિક વાતાવરણ સામાન્ય રહેશે પરંતુ ખુશીની ક્ષણમાં ઉદાસી રહેશે. સ્વાસ્થ્યમાં થોડી નરમાઈ રહેશે. જો તમારી પાસે ઓફિસમાં સમય હોય તો, અધૂરા વ્યવસાયને પૂર્ણ કરો.

ધનુ : તમારે વ્યાવસાયિક કાર્યમાં વધુ કામ કરવું પડશે, નહીં તો તમારા હિસ્સાનો બીજાને પણ ફાયદો થઈ શકે છે, બેદરકારી ટાળો. ક્ષેત્રમાં રોકાણ કરવાથી પરિસ્થિતિને નિયંત્રણમાં રાખવામાં મદદ મળી શકે છે અને સારું વળતર પણ મળી શકે છે.

મકર : આજનો દિવસ સફળ છે, પરંતુ તમારી વાણી અને વર્તનને સંતુલિત રાખવો મહત્વપૂર્ણ છે. માત્ર ઓછા નફાને સંતોષ આપીને દિવસનો લાભ લઈ શકાય છે, નહીં તો વધારે લાભની તકમાં ચર્ચા થઈ શકે છે અને મામલો પણ હાથમાંથી નીકળી શકે છે. પરિવારનું વાતાવરણ સુખદ રહેશે.

કુંભ : આજે દિવસની શરૂઆતમાં તમે જે કામથી ઉત્સાહ સાથે કરશો તે પછી પૂર્ણ થશે. કોઈ માનસિક મૂંઝવણ અથવા ડરને લીધે તમારું સ્વાસ્થ્ય સારું નહીં રહે અને કામ ધીમું પડશે. ક્ષેત્રના સ્પર્ધકો તમારા કામના ભાગને છીનવી લેવા માટે તમામ પ્રયત્નો કરશે.

મીન : આજનો દિવસ તમારી વિચારસરણીનો બરાબર વિરોધી રહેશે, તમે વિચારશો અને કંઈક જુદું હશે. ધંધામાં જૂની યોજનાઓથી પૈસામાં ફાયદો થશે, પરંતુ નબળા નસીબના કારણે તમને થોડીક અછતનો અનુભવ થશે. દૈનિક વેપારીઓને કોન્ટ્રાક્ટ ઉપલબ્ધ થવાની અપેક્ષા છે.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર
પંચમહાલ સમાચાર

## કર્મચારીઓના પગાર પણ ન કરી શકતી

# દાહોદ નગરપાલિકા ટેન્ડર કોસ્ટ કરતા ઉંચી કિંમતનું ટેન્ડર ભરનાર કોન્ટ્રાક્ટરનું ટેન્ડર મંજુર કરતા અનેક શંકા કુશકા...!!

**- પાલિકાએ યોજના અંતર્ગત મંજુર કરેલા ટેન્ડર કોસ્ટ કરતા વધારે ટેન્ડરની રકમ સાથે એજન્સીના વર્ક ઓર્ડર આપી દીધો.**

**- પાલિકા દ્વારા કરેલ ટેન્ડરિંગ પ્રકિયામાં પારદર્શિતાનો અભાવ : વિવાદાસ્પદ ટેન્ડરિંગ પ્રક્રિયા પાછળ હેતુ શું..? ચર્ચાતો સવાલ.**

દાહોદ,

દાહોદના ઝાયડસ હોસ્પિટલ ખાતે આવેલા સીઝનેબલ માર્કેટ તરીકે ગણાતા હેમંત ઉત્સવ બજાર હવે ઈતિહાસ બનશે.દાહોદ નગરપાલિકાએ સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી મહોત્સવ શહેરી વિકાસ યોજના અંતર્ગત અંદાજે પ.૪૪ કરોડના ખર્ચે અદ્યતન સુવિધાઓ તેમજ પાર્કિંગ સુવિધા સાથેનું ચાર મંજિલા કોમર્શિયલ બિલ્ડીંગ બનાવવાનું નક્કી કરવામાં આવ્યું હતું. જે અંતર્ગત આજરોજ દાહોદના સાંસદ જશવંતસિંહ ભાભોરના હસ્તે ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે દાહોદના સાંસદ જશવંતસિંહ ભાભોર ધારાસભ્ય કનૈયાલાલ કિશોરી જિલ્લા પ્રમુખ શંકર અમલીયાર પાલિકા પ્રમુખ રીના પંચાલ ચીફ ઓફિસર યશપાલ વાઘેલા તેમજ નગરપાલિકાના સભ્યો તથા પાલિકાના કર્મચારીઓ તેમજ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. અંદાજે સાડા પાંચ કરોડના ખર્ચે નિર્માણ પામનારા આ કોમર્શિયલ બિલ્ડીંગમાં પાર્કિંગ ગાર્ડન કોમન હોલ તેમજ વેન્ડર્સની દુકાનોની સુવિધાઓ ઉભી કરવામાં આવશે. અત્રે ઉલ્લેખનીય છે કે દાહોદ નગરપાલિકા દ્વારા આ કોમર્શિયલ બિલ્ડીંગના ટેન્ડરનું પ.૧૧ કરોડની ટેન્ડર કોસ્ટ મૂકવામાં આવી હતી અને હવે ટેન્ડર કોસ્ટ કરતા વધુ રકમનું એટલે કે પ.૪૪ લાખ રૂપિયાનું ટેન્ડર મંજૂર કરી તેનો વર્ક ઓર્ડર આજરોજ ખાતમુહૂર્તના થોડીક જ મિનિટો પહેલા કામ કરનાર એજન્સીને આપવામાં આવ્યું હતું. જેને લઈને જેમાં પાલીકાના વહીવટને લઈને અનેક શંકા કુશંકાઓ ઊભી થવા પામી છે.જેમાં સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી મહોત્સવ શહેરી વિકાસ યોજના અંતર્ગત પ.૧૧ કરોડ ગ્રાન્ટમાંથી વપરાશે અને વધારાની રકમ નગરપાલિકા પોતાના સ્વભંડોળમાંથી વાપરશે જે અંગે નગરપાલિકા પ્રમુખ રીનાબેન પંચાલ તેમજ પાલિકાના મુખ્ય અધિકારી યશપાલસિંહ વાઘેલાએ જણાવ્યું હતું. જોકે, એક તરફ નગરપાલિકા પાસે સ્વભંડોળ તળિયા ઝાટક થઈ ગયું છે. પાલિકા પાસે કર્મચારીઓના પગાર તેમજ રોડ ઉપર કરાતા પેચ વર્ક તથા લાઈટ બિલ ભરવા માટે પૈસા નથી. તેવા સમયે ટેન્ડર કોસ્ટ કરતા વધારાની રકમનું ટેન્ડર પાલિકા દ્વારા આપી દેવામાં આવ્યું છે. ત્યારે આ બિલ્ડીંગના નિર્માણ કાર્યમાં વધારાના ૩૩ લાખ કઈ ગ્રાન્ટમાંથી અને કઈ યોજનામાંથી આપશે તે એક મોટો સવાલ છે.?

આ ટેન્ડરમાં ઈટેન્ડરિંગ કર્યું છે કે કેમ સાથે સાથે આ ટેન્ડર અંગેની જાહેર નિવિદા બહારના અને પેપરોમાં આપી પાલિકાએ શું ગણિત રહ્યું છે.? તે ચર્ચા તો સવાલ છે. આ ટેન્ડરિંગ પ્રક્રિયામાં સ્થાનિક કોઈપણ એજન્સી એ ટેન્ડર ભર્યું નથી.

ત્યારે દાહોદ શહેરમાં વેન્ડરો તેમજ સીઝનલ માર્કેટ માટે એક માત્ર હેમંત બજાર ઉત્સવ હતો તેને તોડીને તેની જગ્યાએ કોમર્ષીયલ બિલ્ડીંગ બનવવામાં આવશે તો વેન્ડર તેમજ સીઝનલ માર્કેટમાં ધંધો રોજગાર કરનારા વેપારીઓ ક્યાં જઈને રોજી રોટી મેળવશે. ત્યારે પાલિકાએ હેમંત ઉત્સવ બજારમાં વેપાર ધન્ધો કરતા વેપારીઓ માટેની કોઈ વૈકલ્પિક સુવિધા ઉભી કરી છે કે નહી તે અંગે કોઈ સ્પષ્ટતા કરવામાં આવી નથી ત્યારે ટેન્ડર કોષ્ટ કરતા વધુ રકમનું ટેન્ડર મંજુર કરવા પાછળ પાલિકા સત્તાધીશોનું કયું ગણીત કામ કરી રહ્યું છે. તેની ચર્ચાઓ પણ જોર સોરથી ઉઠવા પામી છે.

ત્યારે પાલિકાના વિશ્વાસનીય સૂત્રો દ્વારા જાણવા મળ્યા અનુસાર આ ટેન્ડર પ્રક્રિયામાં કારોબારી સભ્યો તેમ જ પાલિકાના સુધરાઈ સભ્યોની નારાજગી હતી. આ ટેન્ડરના પ્રક્રિયામાં મોટાભાગના સુધરાઈ સભ્યો સહી કરવા તૈયાર પણ નહોત.

હેમંત ઉત્સવ બજારનું નવીનીકરણની કામગીરીમાં ગુંચવાડો ઉભો થતા કેટલાક નગર સેવકો તેમજ હોદેદાર દાહોદના ધારાસભ્યને મળ્યા હતા. પરંતુ ત્યારબાદ ચેરમેનનોની સમિતિની વરણી સમયે સુધરાઈ સભ્યો માં અંદરો અંદર સામાન્ય થઈ જતા ઘીના ઠામમાં ઘી ઠરી ગયું હતું. ત્યારે ધારાસભ્યને જાણ પણ કરવાની તસદી પણ ન લીધી હોવાનું જાણવા મળ્યું છે. જેના કારણે ધારાસભ્ય કનૈયાલાલ કિશોરી ખાસ્સા નારાજ પણ જોવા મળ્યા. જોકે ધારાસભ્ય દ્વારા જાહેરમાં કોઈ પ્રતિકિયા આપી નહોતી. પરંતુ વિશ્વાસનીય સૂત્રો દ્વારા એમ પણ જાણવા મળે છે. દાહોદના સાંસદ અને જિલ્લા પ્રમુખ શંકરભાઈ અમલીયાર ખાત મુહર્ત કાર્યક્રમ આવવાના ન હોત તો ધારાસભ્ય આ કાર્યક્રમમાં હાજર પણ ન રહેવાના હતા. ત્યારે આ ટેન્ડરિંગ પ્રક્રિયા તેમજ અંદરોઅંદરના વિખવાદ અને ગૂંચવાડાને લઈ અનેક શંકા કુશંકાઓએ જન્મ લીધો છે. ત્યારે પાલિકા તંત્ર દ્વારા કરેલ વહીવટ આગામી સમયમાં કેવો રૂપ લે છે. તે જોવું રહ્યું.

## ફતેપુરાના સકવાલ ગામે જાનૈયા ભરેલ તુફાન ગાડી કુવામાં ખાબકી પડતાં બે બાળકોના મોત

દાહોદ,

દાહોદ જિલ્લાના ફતેપુરા તાલુકાના સકવાલ ગામેથી પસાર થતી જાનૈયાઓ ભરેલ તુફાન ગાડીને અકસ્માત નડતા તુફાન ગાડી નજીકમાં આવેલ કુવામાં ખાટકી પડી હતી. જેને પગલે બે બાળકોના મોત નીપજતા પરિવારમાં માતમ છવાઈ ગયો હતો. જ્યારે પંદરથી વધુ જાનૈયાઓને નજીકના દવાખાને સારવાર માટે ખસેડવામાં આવ્યા હોવાનું જાણવા મળે છે.

ગતરોજ ફતેપુરા તાલુકાના સકવાલ ગામેથી એક તુફાન ગાડીમાં જાનૈયાઓ બેસી જઈ રહ્યા હતા. તે સમયે ગાડીના ચાલક સરદારભાઈ વાઘજીભાઈ નળવાય (રહે. નવા, તળાવ ફળિયા, તા. ફતેપુરા જિ.દાહોદ)નાએ પોતાના કબજાની ગાડી પૂર ઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લાવતા જોતજોતામાં ગાડી પરના સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવી દીધો હતો અને ગાડી નજીકમાં આવેલ એક કૂવામાં ખાદકી પડી હતી. ઘટનાને પગલે સ્થળ પર લોકટોળા ઉમટી પડ્યા હતા. ઘટનાની જાણ સ્થાનિક પોલીસને પણ કરવામાં આવતા પોલીસ કાફલો પણ દોડી આવ્યો હતો. પોલીસે સ્થાનિક લોકોની મદદથી કુવામાં પડી ગયેલ જાનૈયાઓને બચાવી લેવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. પરંતુ જાનૈયાઓ પૈકી ૧૦ માસના કંતિકાબેન કાળુભાઈ દામા (રહે. જગોલા, માળ ફળિયુ, તા. ફતેપુરા, જિ.દાહોદ)નું ઘટના સ્થળ પર જ મોત નીપજ્યું હતું. જ્યારે અંદરથી વધુ જાનૈયાઓને નજીકના દવાખાને સારવાર માટે ખસેડવામાં આવતા જે પૈકી દસેક વર્ષીય જૈનિકભાઈ અરવિંદભાઈ દામા (રહે. જગોલા, માળ ફળિયુ, તા. ફતેપુરા, જિ.દાહોદ) નાનુ સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું.

આ સંબંધે ફતેપુરા તાલુકાના જગોલા ગામે માળ ફળિયામાં રહેતા છગનભાઈ ઝાલાભાઈ દામા દ્વારા ફતેપુરા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## રામ રાખે તેને કોણ ચાખે : દાહોદમાં ત્રણ વર્ષે બાળકી રમતા રમતા ચોથા માળેથી નીચે પટકાતા ચમત્કારિક બચાવ થયો

દાહોદ,

રામ રાખે તેને કોણ ચાખે તે ઉકતીને સાર્થક કરતો કિસ્સો દાહોદમાં સામે આવ્યો છે. જેમાં એક ત્રણ વર્ષીય બાળકી રમતા રમતા બહુમાળીમાં ચોથા માળેથી નીચે પટકાતા તેના માતા પીતા તેમજ આસપાસમાં લોકોના જીવ પડીકે બંધાઈ ગયા હતા. જોકે, ત્યારબાદ તાબડતોડ આ બાળકીને દાહોદના ઝાયડસ હોસ્પિટલ ખાતે લાવવામાં આવી હતી. ત્યાં હાજર તબીબોએ તમામ પરીક્ષણો કર્યા બાદ આ બાળકીને માત્ર માથામાં ચોટ આવતા તેની પાટા પુટ્ટી કરવામાં આવી હતી. આ બનાવમાં આ ત્રણ વર્ષીય બાળકીનો બચાવ એ એક પ્રકારનો ચમત્કારી ઘટનાથી ઓછી નથી હાલ આ બાળકી દવાખાનામાં સારવાર લઈ રહી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર દાહોદ શહેરના દેસાઈવાડ વિસ્તારની આવેલી એક બહુમાળીના ચોથા માળ પર રહેતા પરિવારની ત્રણ વર્ષીય બાળકી ગતરોજ બપોરના સમયે લોબીમાં રમી રહી હતી અને તેની માતા ઘર કામમાં વ્યસ્ત હતી. તે સમયે આ બાળકી રમતા રમતા બિલ્ડીંગના ચોથા માળેથી જમીન પર પટકાતા બાળકીના ચિસના પગલે આસપાસના લોકોના શ્વાશ થંભી ગયા હતા અને આ ઘટનાની જાણ તેની માતા અને પિતાને થતા એક ક્ષણ માટે હૃદયના ધબકારા બંધ થઈ ગયા હતા અને બંને માતા પિતા તાબડતોડ રડતી આંખે બાળકી પાસે પહોંચ્યા હતા. જ્યાં તેના માથામાંથી લોહી નીકળતા બંને માતા પિતાએ બાળકીને છાતીએ લગાવી ચૌધાર આંસુએ રડતા રડતા તે ઈજાગ્રસ્ત બાળકીને તાબડતોડ ઝાયડસ હોસ્પિટલ ખાતે સારવાર અર્થે લાવવામાં આવી હતી. જ્યાં ફરજ પરના હાજર તબીબોએ આ બાળકીની પ્રાથમિક સારવાર કર્યા બાદ બાળકીને કોઈ મગજમાં ગંભીર ચોંટો તો નથી આવીને? તેની ખરાઈ અંગે સીટી સ્કેન માટે મોકલવામાં આવી હતી અને ત્યાં સીટી સ્કેન કરનાર ડોક્ટર તેમજ ટેકનીશીયન દ્વારા સીટી સ્કેન કરવા માટે એક કલાકની રાહ જોવી પડશે તેમ જણાવ્યું હતું. આ સાંભળતાની સાથે જ તેના માતા પિતાના ચહેરા પર પુનઃ એક વખત ચિંતાના વાદળો છવાઈ જવા પામ્યા હતા અને બાળકીની હાલત જોઈને એક મિનિટ પણ સારવાર માટે વિલંબ બાળકીના જીવ પર આવી શકે તેમ હોવા છતાંય એક કલાકની રાહ જોવી તેમના માટે એક યુગ સમાન હતું. જોકે, તે સમયે હોસ્પિટલમાં કોઈ કામ અર્થે આવેલા દાહોદના એક જાગૃત પત્રકારે આ બાળકીની પરિસ્થિતિ જોઈ એક પણ ક્ષણનો વિલંબ કર્યા વગર ઝાયડસ એડમિનિસ્ટ્રેશનમાં વાત કરતા સીટી સ્કેન માટે એક કલાકની રાહ જોવા માટે કહેનાર ટેકનીશીયનો તેમજ ડોક્ટર ગણતરીની સેકંડોમાં વિલંબ કર્યા વિના ઈમરજન્સી વિભાગમાં આવ્યા હતા અને ગણતરીની મિનિટોમાં જ આ બાળકીનું સીટી સ્કેન કરી રિપોર્ટ આ બાળકીની સારવાર કરનાર તબીબ સુધી પહોંચાડી દેવામાં આવ્યો હતો. જ્યાં બાળકીની સારવાર કરનાર તબીબે તમામ રિપોર્ટ અને બાળકીની સારવારની ખરાઈ કર્યા બાદ આ બાળકીને માત્ર માથામાં ચોટ આવવાથી બાર જેટલા ટાંકા લઈ તેની સારવાર કરી દેવામાં આવી હતી. આ બનાવમાં રામ રાખે તેને કોણ ચાખે તે ઉક્તી સાર્થક થવા પામી હતી જેમાં ચોથા માળેથી પટકાયેલી ફૂલ જેવી બાળકીનો ચમત્કારિક બચાવ થવા પામ્યો છે. જેના પગલે માતા પિતા તેમજ આસપાસના લોકોના જીવમાં જીવ આવ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, આ બનાવતી એક બોધ પાઠ લેવા જેવો છે. જે શહેરની હાયરાઈસ બિલ્ડીંગોમાં વસતા પરિવારો માટે આ લાલ બત્તી સમાન કિસ્સો છે બિલ્ડિંગમાં વસવાટ કરતા પરિવારજનો પોતાનું નાનું બાળક ક્યાં રમે છે અને શું એક્ટિવિટી કરે છે. તે અંગેનું ધ્યાન રાખે તો સાચા અર્થમાં બાળકની સંભાળ થાય તેમ છે, બાકી તો આવા ચમત્કારિક જુજ જ જોવા મળે છે.

## સિહોર તાલુકાના મંડેરમાં છકડાએ બાઈકને અડફેટમાં લેતા એક જ પરિવારના ત્રણ સભ્યો ઈજાગ્રસ્ત

દાહોદ,

સીંગવડ તાલુકાના મંડેરમાં પુરપાટ આવી રહેલા રેંકડાએ સામેથી આવી રહેલી બાઈકને અડફેટે લેતા બાઈક પર સવાર એક જ પરિવારના ત્રણ સભ્યોને ગંભીર ઈજાઓ પહોંચતા ત્રણ પૈકી એકને સારવાર અર્થે સિંગવર્ડના રેફરલ હોસ્પિટલ ખાતે લઈ જવામાં આવ્યો હતો. જ્યારે અન્ય બેને દાહોદના ઝાયડસ હોસ્પિટલ ખાતે લાવવામાં આવ્યા હતા.

પ્રાપ્ત માહિતી અનુસાર સીંગવડ તાલુકાના મલેકપુર ડામોર ફળીયાના રહેવાસી નિલેશ ભાઈ બાબુભાઈ ડામોર અને તેમની માતા રેશમબેન તેમજ તેની બહેન ટીના બેન સાથે મોટરસાઈકલ પર સવાર થઈ મંડેર થી પસાર થઈ રહ્યા હતા. તે સમયે સામેથી પૂરઝડપે આવી રહેલા રેંકડા ચાલકે નિલેશભાઈની બાઈકને અડફેટમાં લેતા બાઈક સવાર ત્રણેય વ્યક્તિઓ ફંગોળાઈને જમીન પર પટકાતા ત્રણેય વ્યક્તિઓના શરીરના ભાગે ગંભીર ઈજાઓ પહોચી હતી. જયારે અકસ્માત બાદ રેંકડા ચાલક પોતાનો રેકડો લઈ ફરાર થઈ ગયો હતો. આ ઘટના બાદ આસ પાસપાસના ભેગા થયેલા લોકોએ ઈજાગ્રસ્તોને ૧૦૮ મારફતે નજીકના રેફરલ હોસ્પિટલ ખાતે મોકલવામાં આવ્યા હતા. જેમાં નિલેશભાઈને સીંગવડ સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે સારવાર માટે મોકલ્યા હતા જયારે તેમની માતા રેશ્માબેન તેમજ તેમની બહેન ટીના બહેનને ૧૦૮ મારફતે દાહોદના ઝાયડસ હોસ્પિટલ ખાતે સારવાર અર્થે લાવવામાં આવ્યા હતા. હાલ આ ઘટના સંદર્ભે મોટરસાઈકલને કબ્જે લઈ પોલીસ મથકે લાવવામાં આવી છે, પરંતુ સમાચાર લખાય છે. ત્યાં સુધી આ અકસ્માત મામલે પોલીસ ફરિયાદ નોંધાવા પામી નથી.

## ગરબાડા તાલુકા નાનઢેલાવ થી દાહોદ રૂટની નવીન એસટી બસ ચાલુ કરવામાં આવતા સ્થાનિક ગ્રામજનોમાં ખુશીનો માહોલ



તસ્વીર : વિપુલ જોષી, ગરબાડા

ગરબાડા,

ગરબાડા તાલુકાના નઢેલાવ ગામના તાલુકા સભ્ય સંદીપભાઈ વહોનિય દ્વારા GSRTC માં તેમજ દાહોદ એસ.ટી. વિભાગમાં નઢેલાંવ થી દાહોદ એસટી બસ ચાલુ કરવાની રજુઆતના પગલે એસટી નિગમ દ્વારા આ રૂટની નઢેલાવ થી દાહોદ એસ.ટી બસ ચાલુ કરવામાં આવી હતી. જેને લઈને સ્થાનિક ગ્રામજનોમાં અનેરી ખુશીનો માહોલ જોવા મળી રહ્યો હતો. જે બસને તાલુકા સભ્ય સંદીપભાઈ વહોનિયા તેમજ ગામના માજી સરપંચ રત્નાભાઈ હઠીલા સહિત ગામના આગેવાનો અને ગ્રામજનો દ્વારા નારિયેળ વધેરીને લીલી ઝંડી આપવામાં આવી હતી. નઢેલાવ થી દાહોદના રૂટની નવી બસ ચાલુ થવાથી દાહોદ કોલેજ તેમજ આઈ.ટી.આઈ. તેમજ નોકરી ધંધો કરવા જતાં લોકોને ફાયદો થશે. તેમજ ચોમાસા દરમિયાન બાળકોને રેકડા તેમજ ખાનગી વાહનોમાં જીવના જોખમે મુસાફરી કરવાનું ટળશે તેમજ ઓછા ખર્ચે નઢેલાવ થી દાહોદની મુસાફરી કરવા મળશે.

## દાહોદ તાલુકાના દેલસર ગામના ૨૩ વર્ષીય યુવકે ગળે ફાંસો ખાઈ આપઘાત કર્યો

દાહોદ,

દાહોદ તાલુકાના દેલસર ગામના શિવમ ડુપ્લેક્સ ખાતે રહેતા આશરે ૨૩ વર્ષીય યુવકે અગમ્ય કારણોસર ગળે ફાંસો ખાઈ આપઘાત કરી પરિવારજનોમાં માતમ છવાઈ ગયો હતો.

આજરોજ તારીખ ૨૫ મી એપ્રિલના રોજ રાત્રીના સમયે શિવમ ડુપ્લેક્સમાં રહેતા ૨૩ વર્ષીય યુવક ઘરમાં એકલો હતો. ત્યારે ઘરમાં સીલીંગ ફેન સાથે કપડું બાંધી લટકી અગમ્ય કારણોસર આપઘાત કરી લીધો હતો. ૨૩ વર્ષીય યુવકે આપઘાત કયાં કારણોસર કર્યો હાલ જાણી શકાયું નથી, પણ પોતાના ૨૩ વર્ષીય યુવકે આપઘાત કરી જીવન ટુંકાવી લેતા પરિવારજનોમાં શોકનું માતમ ફરી ફરી વળ્યું હતું. ઘટનાની જાણ પોલીસને કરાતા બી. ડીવીઝન પોલીસ ઘટના સ્થળે પહોંચી મૃતદેહને પીએમ અર્થે દાહોદના ઝાયડસ હોસ્પિટલ ખાતે ખસેડી અકસ્માતના મોતના કાગળો કરી કાયદેરની કાર્યવાહી કરવાની તજવીજ હાથ ધરવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.



તસ્વીર : પંકજ પંડીત, ઝાલોદ

**૨૫ એપ્રિલ વિશ્વ મેલેરિયા દિવસની ઉજવણી નિમિતે ઝાલોદ તાલુકા આરોગ્ય અને અર્બન હેલ્થ સેન્ટર ઝાલોદ દ્વારા જનજાગૃતિ માટે ઝાલોદ નગરમાં રેલી યોજવામાં આવી અને મેલેરીયાના રોકઠામ અંગેની પત્રિકાનું વિતરણ કરવામાં આવ્યું.**

## ગરબાડા તાલુકાના આરોગ્ય કેન્દ્ર પાટીયા ખાતે મલેરિયા અધિકારી તેમજ THOના માર્ગદર્શન હેઠળ વિશ્વ મેલેરિયા દિવસની ઉજવણી કરાઈ



ગરબાડા,

ગરબાડા તાલુકાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર પાટિયા ખાતે જિલ્લા મેલેરીયા અધિકારી ડોક્ટર નયન જોશી અને તાલુકા હેલ્થ ઓફિસર ડોક્ટર અશોક ડાભીના માર્ગદર્શન હેઠળ વિશ્વ મલેરીયા દિવસની ઉજવણી પાટીયા મુખ્ય પ્રાથમિક શાળા ખાતે કરવામાં આવી હતી. જેમાં તાલુકા મલેરીયા સુપરવાઈઝર તરીકે ફરજ બજાવતા ગોવિંદ સોની અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં ફરજ બજાવતા ડોક્ટર સુધાકર રજાક અને સુપરવાઈઝર એ.એન. ગોહિલ અને MPHW.CHO.FHW આશા બહેનો તેમજ શાળાના બાળકો અને શિક્ષકો આ પ્રસંગે હાજર રહી રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં દાદુર નાદવા ટૂંકીઅનોપ અને ભે ગામ ખાતે પણ મલેરિયા દિવસને ઉજવણી ખૂબ જ ઉત્સાહભેર કરવામાં આવી હતી અને દરેક ગામમાં ફરીને મેલેરિયા વિશે લોકોને જાગૃત કરવામાં આવ્યા હતા.

## ઝાલોદ પાલિકા બે સફાઈ કામદારના મૃત્યુ થતાં પરિવારજનો નોકરી આપવા રજુઆત

ઝાલોદ,

ઝાલોદ નગરપાલિકાના બે સફાઈ કર્મચારીનું મૃત્યુ થતાં તેમના પરિવારજનોને નોકરી આપવા સફાઈ કર્મચારીઓ દ્વારા મામલતદાર કચેરી અને નગરપાલિકા ખાતે અરજી આપવામાં આવી.

ઝાલોદ નગરપાલિકાના બે સફાઈ કર્મચારીઓ (૧) રમેશભાઈ રમણભાઈ હરિજન (૨) મુકેશભાઈ બાલુભાઈ હરિજન જે રોજમદાર તરીકે ઝાલોદ નગરપાલિકામાં ફરજ નિભાવતા હતા. જે તે સમયે બંને કર્મચારીઓને રોજમદાર તરીકે નોકરી કરતા હતા, પરંતુ આજ દિન સુધી બંને કર્મચારીઓને સરકાર દ્વારા કે નગરપાલિકા દ્વારા કોઈ લાભ મળેલ નથી. તો આ પરિવારના સદસ્યોને રહેમરાહે નોકરી આપવા માટે સફાઈ કર્મચારીઓ દ્વારા લેખિતમાં માંગ કરેલ છે. તેમજ ૨૦૧૮ થી ૨૦૨૩ સુધીના ઈ.પી.એફનાં નાણાં નગરપાલિકાને વારંવાર કર્મચારીઓ દ્વારા માંગણી કરેલ હોવા છતાંય કોઈ સુનવાઈ થયેલ નથી. તેમજ નગરપાલિકા નવું મહેકમ મંજુર કરે તેવી પણ માંગ સફાઈ કર્મચારીઓ દ્વારા કરવામાં આવેલ છે. સફાઈ કર્મચારીઓ દ્વારા લેખિત અરજીને બે દિવસમાં ધ્યાનમાં લેવાં માંગ કરેલ છે. જો આ અરજીને ધ્યાનમાં લેવામાં નહીં આવે તો અચોક્કસ મુદતની હડતાળ પર જવાની લેખિત ચિમકી ઉચ્ચારવામાં આવેલ છે.

## જાલત ગામે ઘરના આંગણામાં પાર્ક કરેલી મોટર સાયકલની ચોરી થઈ પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ

દાહોદ,

દાહોદ તાલુકાના જાલત ગામના રાજપુર ગામતળ ફળીયામાં રહેતા નરેન્દ્રસિંહ કિરણસિંહ સોલંકી કે જેઓ પાસે હોન્ડા કંપનીની કાળા કલરની મોટરસાયકલ splendor ગાડી જેનો નંબર GJ-20-AN-4633 નંબરની મોટરસાયકલ છે અને તેઓએ તેમની મોટરસાયકલ ૨૧-૪-૨૦૨૩ ના રોજ રાત્રિના ૧૧:૦૦ વાગ્યાના સમયે તેમના ઘરના આંગણામાં પાર્ક કરી લોક કરી અને મૂકી હતી અને વહેલી સવારે ઊઠીને દેખતા તેમની ઘરના આંગણામાં પાર્ક કરીને લોક કરીને મૂકી રાખેલી મોટરસાયકલ દેખવા ન મળતા તેઓએ તેમના પરિવારના સભ્યોને તેમજ આજુબાજુના લોકોને જાણ કરતાં અને ભારે શોધખોળ કરવા છતાંય તેમની મોટરસાયકલ ન મળી આવતા અને તેઓએ સિટીઝન ફર્સ્ટ એપ્લિકેશનમાં ઈ એફઆઈઆર કરતાં અને કતવારા પોલીસે મોટરસાયકલના ડોક્યુમેન્ટની વેરીફાઈ કરી નરેન્દ્રસિંહ કિરણસિંહ સોલંકીની હોન્ડા કંપનીની મોટરસાયકલ ચોરી થઈ હોવાની અને જેની કિંમત ૧૫,૦૦૦/- રૂપિયાની મોટરસાયકલની ચોરી થઈ હોવાની ફરિયાદ નોંધાવતા કતવારા પોલીસે ૨૩મી એપ્રિલના રોજ અજાણ્યા ચોર ઈસમો સામે મોટરસાયકલ ચોરી અંગેનો ગુનો નોંધી આગળની વધુ તપાસ હાથ ધરી હતી.

## રવાળીખેડા ગામેથી કતવારા પોલીસે રિક્ષામાં લઈ જવાતો વિદેશી દારૂના મુદ્દામાલ સાથે ચાલકને ઝડપ્યો

દાહોદ,

કતવારા પોલીસ તારીખ ૨૩મી એપ્રિલના રોજ ટાંડા આઉટ પોસ્ટ વિસ્તારમાં પેટ્રોલિંગ કરી રહી હતી. તે દરમિયાન તેમણે બાતમી મળી હતી કે રવાળીખેડા ગામ તરફથી એક બજાજ કંપનીની કાળા કલરની રીક્ષામાં કંતાનના થેલામાં એક ઈસમ કંઈક ભરીને લઈને આવી રહ્યો છે. તેવી બાતમીના આધારે કતવારા પોલીસે વોચ ગોઠવી હતી અને વોચ દરમિયાન તે બાતમીવાળી રીક્ષા આવતા રિક્ષાનો ચાલક પોલીસને જોઈ પોતાની રીક્ષા મૂકી ભાગવાની કોશિષ કરતા તે ઈસમને પોલીસે પકડી પાડ્યો હતો અને તે રીક્ષા ચાલકનું નામ પૂછતા સંજય દીપુભાઈ કલારા રહેવાસી રાબડાલ કલારા ફળિયું દાહોદનો હોવાનું જણાવ્યું હતું અને તેની રિક્ષામાં ભરેલા કંતાનના થેલામાં ૧૮૪ નંગ વિદેશી દારૂની બોટલો મળી આવી હતી. જેની કિંમત ૨૬,૩૯૬ રૂપિયાનો વિદેશી દારૂ તેમજ દારૂની હેરફેરમાં લીધેલી બજાજ કંપનીની ઓટો રીક્ષા જેની કિંમત ૪૦ હજારની મળી કુલ ૬૬,૩૯૬ રૂપીયાના મુદ્દામાલ સાથે ચાલકને ઝડપી અને તેની પૂછપરછ કરતા આ દારૂ ક્યાંથી લાવ્યો ત્યારે તેને જણાવ્યું હતું કે પીદીયા રત્ના સંગાડા ગોવાળી પત્ર મધ્યપ્રદેશનાઓ પાસેથી લાવ્યો હોવાનું જણાવ્યું હતું. ત્યારે કતવારા પોલીસે બંને ઈસમો સામે પ્રોહી અંગેનો ગુનો નોંધ્યો હતો અને ચાલકની અટકાયત કરી આગળની વધુ તપાસ હાથ ધરી હતી.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www.panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 26, No.208

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા
પંચમહાલ સમાચાર

## ગોધરા નગરના રામસાગર તળાવનું બ્યુટીફિકેશનની કામગીરી હાથ ધરાઈ છે ત્યારે

# શોપીંગ સેન્ટરની તળાવ તરફ વધારે લંબાઈ ધરાવતી દુકાનો તોડવામાં આવશે...?






- પાલિકા શોપીંગ સેન્ટરના દુકાનદારોને તત્કાલીન સત્તાધિશો મરજી મુજબ તળાવના ભાગે દુકાનોની લંબાઈ વધારવા મંજુરી અપાઈ તે નડી રહી છે.
- રામસાગર તળાવની ફરતે બ્યુટીફિકેશન માટે તળાવમાં વધારાનું પૂરણ કરાશે કે પછી વધારાનો ભાગ દુર કરાશે.
- પાલિકા હવે દુકાનદારોનું હિત જોશે કે નગરજનો તે જોવું રહ્યું.

ગોધરા,

ગોધરા શહેરની મધ્યમાં આવેલ રામસાગર તળાવની ફરતે બ્યુટીફિકેશન કામગીરી નગર પાલિકા દ્વારા શરૂ કરવામાં આવનાર છે. તળાવની ફરતે વોક–વે બનાવીને સુંદર વાતાવરણ ઉભું કરવાના અભિગમ સાથે યોજનાની અમલવારી થનાર છે. ત્યારે નગરજનોમાં એક પ્રશ્ન ઉદ્દભવી રહ્યો છે તળાવની ફરતે આવેલ પાલિકા શોપીંગ સેન્ટરની દુકાનો જે નિયત ધારાધોરણની બનાવવામાં આવી હતી અને પાછળથી પાલિકાના સત્તાધિશોએ પોતાની મનમાની મુજબ પાલિકામાં વિકાસ ફાળાના નામે ઉઘરાણી કરીને દુકાનોની તળાવની અંદરની તરફ ૧૦ થી ૧૫ ફુટ લંબાવી દેવામાં આવી છે. તે રામસાગર તળાવની ફરતે બ્યુટી ફિકેશનની કામગીરી કરતી વખતે તે દુર કરવામાં આવશે કે આવી લંબાઈ ધરાવતી દુકાનોના ભાગ છોડી તળાવનું વધારાનું પૂરણ કરીને બ્યુટીફિકેશન હાથ ધરાશે તે ચર્ચાઓ જોર પકડ્યું છે.

ગોધરા શહેરની મધ્યમાં રામસાગર તળાવની ફરતે પાલિકા શોપીંગ સેન્ટર ઉભું કરીને તળાવને ચારે તરફથી ઢાંકી દેવામાં આવ્યું છે. જેને લઈ નગરની મધ્યમાં આવેલ તળાવની શોભા ઘટી છે. હાલમાં ગોધરા પાલિકા દ્વારા રામસાગર તળાવની ફરતે બ્યુટીફિકેશન કામગીરી હાથ ધરનાર છે. તળાવની ફરતે વોક–વે બનાવીને નગરજનોને તળાવની ફરતે સુંદર કુદરતી વાતાવરણનો નજારો ઉભો કરવા આવનાર છે. રામસાગર તળાવની ફરતે પાલિકા શોપીંગ સેન્ટરને લઈ માત્ર હોળી ચકલા ચબુતરા તરફનો એકમાત્ર ભાગ ખુલ્લો છે. તે જે સમયે પાલિકા સત્તાધિશો દ્વારા કોઈપણ કારણોસર શોપીંગ સેન્ટર ઉભું કરવામાં આવ્યું હોય પરંતુ ત્યારબાદ વર્ષો વરસ પાલિકાના સત્તાધિશો પોતાની મન મરજી મુજબ પાલિકા શોપીંગ સેન્ટરમાં દુકાન ધરાવતા દુકાનદારો સાથે સાંઠગાંઠ અને આંતરીક સંબંધોના આધારે દુકાનદારોને તળાવની અંદરના ભાગે ૧૦ થી ૧૫ ફુટ દુકાનો લંબાઈ વધારવા માટે વિકાસ ફાળાના નામે ઉઘરાણું ચલાવીને તળાવ અંદર તરફના ભાગે પૂરણ કરાવીને લંબાઈ વધારી દેવામાં આવી છે. હવે જ્યારે રામસાગર તળાવની ફરતે બ્યુટીફિકેશન કામગીરી કરોડો રૂપીયાના ખર્ચ હાથ ધરવામાં આવનાર છે. ત્યારે તળાવની ફરતે બ્યુટીફિકેશન કામગીરી માટે કેવા ધારા ધોરણોથી અમલવારી કરાશે કેમ કે રામસાગર તળાવની ફરતે પાલિકા શોપીંગ સેન્ટર આવેલ છે. તેમાં પણ પાલિકા શોપીંગ સેન્ટરની મુળ દુકાનોના સ્થાને મોટાભાગની દુકાનો તળાવના અંદરના ભાગે લંબાઈ વધારી દેવામાં આવી છે. જો બ્યુટીફિકેશન કામગીરી કરવામાં આવશે. ત્યારે જે દુકાનોની લંબાઈ વધારી દેવામાં આવી છે. તેવી વધારાની તળાવના અંદરનો ભાગ તોડી નાખવામાં આવશે કે પછી લંબાઈ ધરાવતી દુકાનોને બચાવવા માટે વધારાની લંબાઈ ધરાવતી દુકાનો છોડીને તળાવનું વધારે પૂરણ કરીને બ્યુટીફિકેશન કામ કરવામાં આવશે. તેવા અનેક પ્રશ્નો નગરજનોમાં ઉદ્દભવી રહ્યા છે. હવે જોવાનું રહે કે પાલિકા અધિકારીઓ અને સત્તાધિશો બ્યુટીફિકેશન કામગીરી માટે કેવા પ્રકારની નીતિ અખત્યાર કરે છે.

## મોરવા હડફ તાલુકાના મુખ્ય માર્ગો અને અંતરિયાળ વિસ્તારના બસ સ્ટેન્ડના હાલ બેહાલ : મોટી દુર્ઘટના સર્જાશે તો જવાબદારી કોની ?



મોરવા(હ),

મોરવા હડફ તાલુકામાં વર્ષો અગાઉ સરકાર દ્વારા બનાવવામાં આવેલા બસ સ્ટેન્ડ હાલ જીવતું જોખમ બની ઉભા જોવા મળી રહ્યા છે. તેમ છતાં આ બાબત સરકારના જવાબદારોના ધ્યાને આવતી નથી. આવા જર્જરિત બસ સ્ટેશનોમાં હાલ ભયની ઓથાર હેઠળ રાહદારીઓ અને મુસાફરો આશ્રય લેતાં જોવા મળી રહ્યા છે. ત્યારે આ જર્જરીત થયેલા તમામ બસ સ્ટેન્ડ તોડી નવા બસ સ્ટેશન બનાવવામાં આવે એવી સ્થાનિકોમાં અને જાહેર મુસાફર જનતામાં માંગ ઉઠી છે.

સરકારની વિવિધ યોજનાઓ હેઠળ ગ્રામ્ય વિસ્તારને જોડતા મુખ્ય માર્ગો ઉપર વર્ષો અગાઉ બસ સ્ટેન્ડ પાસે મુસાફરો અને રાહદારીઓ આશ્રય મેળવી શકે એવી બેઠક વ્યવસ્થા ઊભી કરવામાં આવી હતી. આ સ્થળને બસ સ્ટેન્ડ તરીકે પણ ઓળખવામાં આવી રહ્યા છે. સરકાર દ્વારા શુભ આશયથી ઊભી કરેલી આ વ્યવસ્થા હાલ જાણે જીવતું મોત હોય એવી સ્થિતિ મોરવા હડફ તાલુકામાં જોવા મળી રહી છે. મોરવા હડફ તાલુકામાં વર્ષો અગાઉ બનાવવામાં આવેલા તમામ બસ સ્ટેન્ડ હાલ જર્જરીત હાલતમાં ફેરવાયેલા જોવા મળી રહ્યા છે, સાથે જ છત માંથી સળિયા ડોકીયું કરી પોપડા પણ પડી રહ્યા છે. ચોમાસા દરમિયાન આ તમામ બસ સ્ટેન્ડની છત માંથી પાણી ટપકી રહ્યું છે, સાથે જ અહીંયા બેસવા માટે બનાવવામાં આવેલા ઓટલા પણ તદ્દન જર્જરીત થઈ તૂટી ગયા છે. ત્યારે આ જર્જરીત તમામ બસ સ્ટેશન તોડી નવા બસ સ્ટેશન બનાવવામાં આવે અને હાલ જાહેર જનતાના હિતમાં જર્જરિત બસ સ્ટેશન ખાતે અંદર પ્રવેશ બંધ અને બેસવું નહીં જે અંગેની સુચના નિર્દેશ કરતાં બોર્ડ પણ મૂકવામાં આવે એવી જાહેર જનતાની માંગ ઉઠી છે.

સરકાર દ્વારા ગ્રામ્ય વિસ્તારોમાં મુખ્ય માર્ગ ઉપર બનાવવામાં આવેલા બસ સ્ટેશનનો ઉપયોગ શાળામાં રોજીંદુ અપડાઉન કરતાં વિદ્યાર્થીઓ ઉપરાંત માર્ગ ઉપરથી પસાર થતાં રાહદારીઓ આશ્રય મેળવવા માટે કરતાં હોય છે. દરમિયાન કેટલાક બસ સ્ટેન્ડમાં છત માંથી પોપડા પડવાની ઘટનાને લઈ વિદ્યાર્થીઓને ઈજાઓ પણ પહોંચી હોવાનું જાણવા મળી રહ્યું છે. ત્યારે ક્યારેક મોટી દુર્ઘટના સર્જાય એ પૂર્વે સરકારના જવાબદાર કુંભકર્ણ નિંદ્રા માંથી જાગી જર્જરિત તમામ બસ સ્ટેન્ડને ડીસ્મેન્ટલ કરી નવી બસ સ્ટેન્ડ બનાવવામાં આવે એ અત્યંત જરૂરી જણાઈ રહ્યું છે. ત્યારે જોવું રહ્યું કે, સંલગ્ન જવાબદારો કોઈ મોટી દુર્ઘટના સર્જાશે. ત્યારબાદ દોડધામ કરી જાગૃત અવસ્થામાં આવશે કે એ પૂર્વે આ જર્જરિત એસટી બસ સ્ટેન્ડનું નવીનીકરણ કરશે.

મોરવા હડફ તાલુકાના જર્જરિત બસ સ્ટેશન અંગે મોરવા તાલુકા વિકાસ અધિકારીએ તેઓને આ અંગે હજુ સુધી કોઈ રજૂઆત મળી નથી, પરંતુ સલગ્ન વિભાગને આ અંગે જાણ કરશે એમ જણાવ્યું હતું. વધુમાં તેઓએ તાલુકા પંચાયતમાં બસ સ્ટેન્ડ રીપેર કરવા કે પછી તેની જાળવણી કરવા અંગેની સરકાર તરફ થી કોઈ પણ પ્રકારની ગ્રાન્ટ આવતી ના હોવાનું પણ જણાવી રહ્યા છે.

## પંચમહાલ જિલ્લામાં સ્વાગત સપ્તાહની ઉજવણી

ગોધરા,

મુખ્યમંત્રીના જનસંપર્ક કાર્યક્રમ અંતર્ગત ઓનલાઈન ફરિયાદ નિવારણ કાર્યક્રમ સ્વાગતની શરૂઆત તા.૨૪મી એપ્રિલ, ૨૦૦૩ના રોજ તત્કાલિન મુખ્યમંત્રી અને હાલના દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા કરાઈ હતી. આ કાર્યક્રમને ૨૦ વર્ષ પુર્ણ થવાના અવસરે રાજ્યભરમાં પ્રજાના પ્રશ્નોના નિકાલ માટે કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. પંચમહાલ જિલ્લામાં સ્વાગતસપ્તાહની ઉજવણી થઈ રહી છે. ગ્રામ્ય સ્તરથી જિલ્લાકક્ષા સુધીના સ્વાગત કાર્યક્રમ અંતર્ગત જનતાના પ્રશ્નોના નિવારણ માટે જિલ્લા વહિવટીતંત્ર પ્રતિબદ્ધ છે.

સ્વાગત સપ્તાહની જનજાગૃતિ ઉજવણી અંતર્ગત ગ્રામ્યકક્ષા બાદ તા.૨૬મી એપ્રિલ, બુધવાર નારોજ પંચમહાલ જિલ્લાના તમામ સાત તાલુકામાં જિલ્લાના વરિષ્ઠ અધિકારીઓની ઉપસ્થિતિમાં તાલુકાકક્ષાનો સ્વાગત કાર્યક્રમ યોજાશે. જેમાં જિલ્લા કલેકટર આશિષ કુમારના માર્ગદર્શન અને રાહબરી હેઠળ તમામ તાલુકાઓ ખાતે વિવિધ પ્રશ્નોનું નિવારણ આવે તેવા પ્રયાસો હાથ ધરાશે.

રાજ્ય સરકારના સંવેદનશીલ અભિગમ અન્વયે નાગરિકો સ્વાગત કાર્યક્રમનો મહત્તમ ભાગ લઈ શકે અને સરકારના લોકાભિમુખ વહીવટથી અવગત થાય અનુભવ કરે તેવા ઉમદા આશય સાથે હાલમાં સ્વાગત સપ્તાહની થઈ રહેલી ઉજવણી અંતર્ગત પંચમહાલ જિલ્લામાં આજસુધી ગ્રામ્ય સ્વાગતમાં કુલ ૫૬૧૮ અરજીઓ માંથી ૫૦૦૪ અરજીઓનો હકારાત્મક નિકાલ, તાલુકા સ્વાગતમાં ૭૬૧૫ અરજીઓ સામે ૭૫૫૪ અરજીઓનો હકારાત્મક નિકાલ, જિલ્લા સ્વાગતમાં ૧૭૪૯ અરજીઓની સામે ૧૭૩૪ અરજીઓનો નિકાલ, રાજ્ય સ્વાગતમાં ૧૦ અરજીઓની સામે ૧૦૦% નિકાલ, રાઈટ ટુ સીએમઓ અંતર્ગત ૩૫ માંથી ૩૫ અરજીઓનો નિકાલ, લોકફરીયાદમાં ૭૧૫ અરજીઓની સામે ૭૧૦ અરજીઓનો હકારાત્મક નિકાલ કરાયો છે.

ચાલુ માસમાં પંચમહાલ જિલ્લામાં ગ્રામ્ય સ્વાગતમાં કુલ ૬૧૪ અરજીઓ રજૂ થયેલ છે. જેનો આવતીકાલે તાલુકા સ્વાગત કાર્યક્રમમાં નિયમોનુસાર નિકાલ સારૂં પ્રયત્નો હાથ ધરાશે.

તા.૨૭ એપ્રિલના રોજ કલેકટર પંચમહાલ આશિષ કુમારની અધ્યક્ષતામાં જિલ્લા સ્વાગત કાર્યક્રમ યોજાશે અને ત્યારબાદ રાજ્ય સ્વાગત કાર્યક્રમ મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના અધ્યક્ષસ્થાને યોજવામાં આવશે. જેમાં વર્ચૂઅલી માદયમથી દેશના પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીની સાથે તમામ જિલ્લા અને તાલુકાઓ પણ જોડાશે અને લાભાર્થીઓ સાથે સંવાદ પણ સાધવામાં આવશે.

## વેજલપુર નાયક ફળીયામાં રહેણાંક મકાન માંથી ૨૭ હજારનો વિદેશી દારૂ સાથે આરોપીને ઝડપ્યો

વેજલપુર,

કાલોલ તાલુકાના વેજલપુર નાયક ફળીયામાં રહેતા આરોપી પોતાના ઘરમાં ઈંગ્લીશ દારૂનો જથ્થો રાખેલ હોય તેવી બાતમીના આધારે પોલીસે રેઈડ કરી ૨૭,૮૪૦/–રૂપીયાના દારૂના જથ્થા સાથે આરોપીને ઝડપી પાડવામાં આવ્યો.

પ્રાપ્ત વિગતો મુજબ કાલોલ તાલુકાના વેજલપુર ગામે નાયક ફળીયામાં રહેતા સંજયકુમાર કાંતીલાલ બારીયા પોતાના ઘરમાં ઈંગ્લીશ દારૂનો જથ્થો રાખેલ હોય તેવી બાતમીના આધારે વેજલપુર પોલીસે રેઈડ કરી ઘર માંથી રોયલ બ્લયુમલ્ટ વ્હીસ્કીની પેટીઓ નંગ–૩, માઉન્ટન્સ ૬૦૦૦ સુપર બીયર પેટી નંગ–૩, ગોવા સ્પીરીટ ઓફ સ્મુથનેશ વ્હિસ્કી નંગ–૧૦ બોટલ મળી કુલ ૨૭,૪૮૦/–રૂપીયાના મુદ્દામાલ સાથે આરોપીને ઝડપી પાડી આ બાબતે વેજલપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

## અલગ અલગ વ્યકિતઓના આધારકાર્ડ અને ફોટોના દુરઉપયોગ કરી ૧૪૨ સીમકાર્ડ એકટવી કરી વેચાણ કરનાર આરોપી વિરૂદ્ધ દામાવાવ પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ

ગોધરા,

પંચમહાલ જીલ્લા અને ગોધરામાં અન્ય વ્યકિતનો ફોટો લગાવી બીજાના નામે સીમકાર્ડ એકટીવ કરતાં દુકાનદારો અને રીટેલરોને શોધી કાઢી કાર્યવાહી કરવાના માર્ગદર્શન હેઠળ એસ.ઓ.જી.પોલીસે રીંછવાણી ગામે મોબાઈલ શોપ ધરાવતા આરોપીને ઝડપી પાડી કાર્યવાહી હાથ ધરવામાં આવી. પ્રાપ્ત વિગતો મુજબ ગુજરાત રાજ્યમાં અલગ અલગ શહેરો વિસ્તારમાં વિવિધ કંપનીના સીમકાર્ડનું વેચાણ ચોકકસ રીટેલરો દ્વારા એક અથવા અન્ય વ્યકિતઓના ફોટોના દુરઉપયોગ કરી ઘણા સીમકાર્ડ એકટીવ કરી વેચાણ કરવાની પ્રવૃતિ કરવામાં આવતી હોય તે સંદર્ભે પંચમહાલ જીલ્લા પોલીસવડા દ્વારા આવા રીટેલરો અને દુકાનદારોને શોધી કાઢવાના સુચન કરવામાં આવ્યા હતા. ગોધરા એસ.ઓ.જી. પોલીસની ટીમ દ્વારા ટેકનીકલ એનાલીસીસ કરી શંકાસ્પદ મોબાઈલ નંબર સીએએફ ફોર્મ મંગાવવામાં આવ્યા. સીએએફ ફોર્મની વિગતો મળતા બે વ્યકિતઓના ફોટો અને અલગ અલગ વ્યકિત આધારકાર્ડનો ઉપયોગ કરી ૧૪૨ સીમકાર્ડ એકટીવ કર્યાનું જણાઈ આવતાં સીમકાર્ડ એકટીવ કરનાર એજન્ટની તપાસ કરતાં રીંછવાણી ગામે ફેમસ મોબાઈલ શોપની દુકાન ધરાવતા મુન્નવર ઈશિહાક પટેલ (રહે. ચોકી નં.૨ બાજુ, રાણી મસ્જીદ પાસે) જણાઈ આવતાં આરોપી સામે દામાવાવ પોલીસ મથકે ગુન્હો નોંધી આરોપી વિરૂદ્ધ કાયદેસર કાર્યવાહી હાથ ધરાઈ છે.

અક્ષરનિવાસ




અ. નિ. અભિષેકકુમાર આશિષભાઈ પટેલ
ગામ – બગીડોળ
કૈવલ ધામવાસ તા. ૨૨/૦૪/૨૦૨૩ ને શનિવાર
પ્રતિશ્રી, ગામ બગીડોળથી લી. આશિષભાઈ ભગવાનભાઈ પટેલના
જય શ્રી સ્વામિનારાયણ અંગીકાર કરશોજી.
અમારા પુત્ર અભિષેકકુમાર આશિષભાઈ પટેલ સં. ૨૦૭૯ વૈશાખ શુદ ૨
ને શનિવારના તા. ૨૨/૦૪/૨૦૨૩ ના રોજ શ્રીજી ચરણ નિવાસી થયેલ છે.
મહારાજ ને ગમ્યું તે ખરૂ.
સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાન તથા
પૂ.પા. ગુરૂરાજ જટાશંકર બાપાશ્રી પોતાની મૂર્તિના સુખે સુખીયા કરે
એ પ્રાર્થના.

સદગતનું બેસણુ
તા. ૨૮/૦૪/૨૦૨૩ ને શુક્રવાર, સવારે ૯:૦૦ થી ૧૨:૦૦ કલાકે
સ્થળ: સત્ કૈવલ મંદિર, બગીડોળ

આશિષભાઈ ભગવાનભાઈ પટેલ
દિપેનકુમાર હર્ષદભાઈ પટેલ
જિજ્ઞેશભાઈ વસંતભાઈ પટેલ
મિહીરકુમાર હર્ષદભાઈ પટેલ

ધર્મેશભાઈ પટેલ (માજી સરપંચ ટીમ્બા ગામ) તરફથી ભાવભીની શ્રધ્ધાંજલિ.....

## ભારતના સાંસ્કૃતિક વૈવિધ્યનો ઉત્સવ છે સૌરાષ્ટ્ર-તમિલ સંગમ



ગોધરા,

ભારત એક એવો દેશ છે, જ્યાં આપણા પૂર્વજોએ હજારો વર્ષોથી આપણે સહુ એકસાથે ચાલીએ; એકસાથે બોલીએ; આપણા મન એક હોય, જેવા આદર્શ વિચારો સાથે આપણા સાંસ્કૃતિક વારસાનો પાયો નાખ્યો છે. આપણો દેશ વૈવિધ્યસભર, બહુભાષીય અને બહુવિધ સાંસ્કૃતિક રાષ્ટ્ર હોવા છતાંપણ સંયુક્ત પરંપરાઓ, મિશ્ર સંસ્કૃતિઓ તેમજ સમાન નૈતિક મૂલ્યોના પ્રાચીન બંધનોથી સુસજ્જછે.

ભારતના સાંસ્કૃતિક મૂલ્યોમાં અસીમ આસ્થા ધરાવતા અને જનતા પ્રત્યે હંમેશાં પ્રતિબદ્ધ અને કર્તવ્યનિષ્ઠ એવા આપણા વડાપ્રધાન નરેન્દ્ર મોદીજીએ ભારતીય સમાજની આ જ વિશેષતાને વધુ ગાઢ બનાવવા માટે એક ભારત–શ્રેષ્ઠ ભારતના મંત્ર સાથે દેશના દરેક રાજ્યના સાંસ્કૃતિક વારસાને સન્માન આપવાનું ભગીરથ કાર્ય કરવાનો દ્રઢ નિર્ધાર કર્યો છે. વડાપ્રધાનના આ વિચારને નક્કર સ્વરૂપ આપતા ગુજરાત સરકારે તાજેતરમાં ભગવાન સોમનાથ મહાદેવના પવિત્ર સાંન્નિધ્યમાં ઐતિહાસિક સૌરાષ્ટ્ર–તમિલ સંગમ કાર્યક્રમનું ભવ્ય આયોજન કર્યું છે.

આ કાર્યક્રમ દક્ષિણ ભારત અને પશ્ચિમ ભારતની સંસ્કૃતિઓનો સંગમ છે. લગભગ બારસો વર્ષના લાંબા સમયગાળા પછી આટલી ભવ્યતા સાથે આ પ્રકારનો કાર્યક્રમ આયોજિત કરવામાં આવ્યો છે. એવું પહેલીવાર થઈ રહ્યું છે કે સદીઓ પહેલા તમિલનાડુ જઈને સ્થાયી થયેલા મૂળ સૌરાષ્ટ્રના લોકો આ કાર્યક્રમના ઉપક્રમે પોતાના પૈતૃક વતનની યાત્રા કરી રહ્યા છે.

એ જ રીતે, બંને રાજ્યોના પૌરાણિક મહત્વની વાત કરીએ તો ગુજરાતના દરિયાકિનારે ભગવાન સોમેશ્વર શિવનો વાસ છે, તો તમિલનાડુના સમુદ્રતટ પર ભગવાન રામ દ્વારા સ્થાપિત ઐતિહાસિક રામેશ્વરમ્ મંદિર સ્થિત છે. આ ઉપરાંત, પ્રાચીનતાની દ્રષ્ટિએ પણ બંને રાજ્યો ખૂબ મહત્વપૂર્ણ સ્થાન ધરાવે છે. એક બાજુ જ્યાં ગુજરાત, હડપ્પીય સંસ્કૃતિ જેવી પ્રાચીન વિકસિત સંસ્કૃતિનું કેન્દ્ર રહ્યું છે, તો બીજી બાજુ તમિલનાડુ તેમજ તમિલ સંસ્કૃતિ ભારતની પ્રાચીનતા અને ગૌરવનું કેન્દ્ર છે.

ઈતિહાસના પરિપ્રેક્ષ્યમાં જોઈએ તો એક ભારત–શ્રેષ્ઠ ભારતના વિચારને સમર્પિત આ કાર્યક્રમનું ઐતિહાસિક મહત્વ પણ છે. આજથી લગભગ હજારો વર્ષો પહેલા જ્યારે ભારતના અન્ય રાજ્યો ઉપરાંત જ્યારે ગુજરાતમાં પણ સતત વિદેશી આક્રમણ થઈ રહ્યા હતા, ત્યારે સૌરાષ્ટ્રના કેટલાક રહેવાસીઓએ તમિલનાડુમાં શરણું શોધ્યું, અને ત્યાં જઈને વસ્યાં.

આપણા સૌરાષ્ટ્રના આ જ પૂર્વજોએ ગુજરાતની હસ્તશિલ્પ અને અન્ય કળાઓને તમિલનાડુમાં પણ આગળ વધારી, જેને ત્યાંના લોકોએ સ્વીકારી અને તેને લોકપ્રિયતા પણ પ્રાપ્ત થઈ. તે સમયના શાસક થિરૂમલાઈ નાયક્કર અને તેમની રાજકુમારીએ આપણા આ ગુજરાતી કારીગરો દ્વારા બનાવવામાં આવેલા સિલ્કના વસ્ત્રોની પ્રશંસા કરતા એકવાર કહ્યું હતું કે સૌરાષ્ટ્રના કારીગરો જો અહીંયા ન આવ્યા હોત, તો આપણને ચીની અને યુરોપીય સિલ્કથી પણ શ્રેષ્ઠ એવું આ સિલ્ક પહેરવા મળ્યું ન હોત. સૌરાષ્ટ્ર મૂળના તમિલ રહેવાસીઓને મળેલું આ સન્માન ભારતની સાંસ્કૃતિક, સામાજિક અને કલાત્મક સમરસતાનું શ્રેષ્ઠ ઉદાહરણ છે.

અહીં એ વાત ખાસ ઉલ્લેખનીય છે કે, આપણા વડાપ્રધાન જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા. ત્યારે તેમણે વર્ષ ૨૦૦૫ અને ૨૦૦૬માં આ સમુદાયની સાથે પુનઃસંપર્ક સ્થાપિત કરવા માટે અનેક પ્રયાસો શરૂ કર્યા હતા. તેમના આ પ્રયાસો ત્યારે ફળિભૂત થયા. જ્યારે વર્ષ ૨૦૧૦માં નરેન્દ્રભાઈની ઉપસ્થિતિમાં તમિલનાડુના મદુરાઈમાં વિરાટ સૌરાષ્ટ્ર સંગમનું આયોજન કરવામાં આવ્યું. જેમાં લગભગ ૫૦ હજાર લોકો ઉપસ્થિત રહ્યા હતા. આ નરેન્દ્રભાઈના ભગીરથ પ્રયાસોનું જ પરિણામ છે કે આજે ગુજરાત અને તમિલનાડુના સૌરાષ્ટ્રવાસીઓ વચ્ચે આદાન–પ્રદાનના વિવિધ કાર્યક્રમો ચાલી રહ્યા છે.

સંસારમાં સ્થાનાંતરણ એ એક સ્વાભાવિક પ્રક્રિયા છે. પરંતુ, સૌરાષ્ટ્રવાસીઓનું આ સ્થળાંતર એક વિશિષ્ટ અને ઐતિહાસિક ઘટના છે. હું સૌરાષ્ટ્ર મૂળના તમિલ સમુદાયની પ્રશંસા કરવા માંગું છું કે વિદેશી આક્રમણકારોના દમનના કારણે તેઓ વિસ્થાપિત તો થયા, પરંતુ તેમણે પોતાના હૃદયમાં સૌરાષ્ટ્રની પરંપરા અને સંસ્કૃતિને જીવંત રાખી.

સૌરાષ્ટ્ર–તમિલ સંગમ કાર્યક્રમને કારણે આ સમુદાયને હજારો વર્ષો પછી પોતાની માતૃભૂમિ પર પાછા ફરવાનો અવસર પ્રાપ્ત થયો છે. આપણે સહુ ગુજરાતીઓ આપણા સૌરાષ્ટ્રિયન–તમિલ ભાઈઓનું સ્વાગત અને સરભરા કરવા માટે ઉત્સુક છીએ, તો સામે સૌરાષ્ટ્ર મૂળના આપણા તમિલ બંધુઓ પણ આટલા વર્ષો પછી પોતાના પૂર્વજોની ધરતી પર આવીને ઘણા ભાવુક બન્યા છે અને ધન્યતા અનુભવી રહ્યા છે.

અમારી સરકાર તરફથી આ કાર્યક્રમ હેઠળ અનેકવિધ સાંસ્કૃતિક પ્રસ્તુતિઓ તેમજ રમત–ગમતની સ્પર્ધાઓ આયોજિત કરવામાં આવી રહી છે. આ સાથે જ સૌરાષ્ટ્રીયન તમિલ બંધુઓ માટે ઐતિહાસિક તેમજ પૌરાણિક મહત્વ ધરાવતા ભગવાન સોમનાથ મહાદેવ અને દ્વારકાધીશ ભગવાન કૃષ્ણના દર્શન, અતિ આધુનિક ટેક્નોલોજીથી બનાવવામાં આવેલ વિશ્વની સૌથી ઉંચી પ્રતિમા સ્ટેચ્યુ ઑફ યુનિટીની યાત્રા અને સાસણગીર જેવા પ્રસિદ્ધ અભયારણ્યમાં એશિયાટિક સિંહોને જોવાની વ્યવસ્થા કરીને, તેમની આ ગુજરાત યાત્રાને હંમેશ માટે યાદગાર બનાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ એક ભારત, શ્રેષ્ઠ ભારત ના સંદર્ભમાં એક વાર કહ્યું હતું કે, સરદાર પટેલે આપણને એક ભારત આપ્યું છે અને હવે સહુ ભારતવાસીઓનું એ કર્તવ્ય છે કે આપણે આપણા સામૂહિક પ્રયાસોથી તેને શ્રેષ્ઠ ભારત બનાવીએ.સૌરાષ્ટ્ર–તમિલ સંગમ કાર્યક્રમની સાથે–સાથે ગુજરાતનો માધવપુર મેળો પણ નરેન્દ્રભાઈના આ જ વિચારો પર આધારિત છે. પૌરાણિક કથા પર આધારિત માધવપુર મેળો દ્વારિકાના રાજા ભગવાન કૃષ્ણ અને અરૂણાચલ પ્રદેશની રાજકુમારી રૂકમણિજીના વિવાહની ઉજવણી છે. આ પણ પશ્ચિમી ભારત અને પૂર્વીય ભારતની બે સંસ્કૃતિઓના સંગમનો કાર્યક્રમ છે. એ આપણા માટે ગૌરવની વાત છે કે છેલ્લાં બે વર્ષોમાં આપણે આ કાર્યક્રમના પણ બે સફળ આયોજનો કર્યા છે.

આપણે ભવિષ્યમાં આવા જ અલગ–અલગ પ્રયાસોથી સાંસ્કૃતિક આદાન–પ્રદાનના ચલનની પ્રવૃત્તિને આગળ વધારવાની છે. આપણે આપણી નવી પેઢી માટે એવા સમાજના નિર્માણની દિશામાં કામ કરવાનું છે, જ્યાં આપણે સહુ એકબીજાની ભાષા, સંસ્કૃતિ અને પરંપરા બાબતે વધુ સહજ હોઈશું, અને તેના માટે વધુ સમરસતા અને સ્વીકાર્યતા ધરાવીશું.

આધુનિક ભારતના સૂત્રધાર સરદાર પટેલ દ્વારા આપણને મળેલું ભૌગોલિક રીતે એક ભારત ત્યારે જ સાંસ્કૃતિક રીતે શ્રેષ્ઠ બનશે જ્યારે ભારતની તમામ સંસ્કૃતિઓ અને પરંપરાઓનું સન્માન અને સંવર્ધન દરેક નાગરિકના નૈતિક મૂલ્યો અને ફરજોનું અભિન્ન અંગ બની જશે. શ્રેષ્ઠ ભારત માટે ખૂબ જ જરૂરી છે, કે આપણે કેવળ અર્થ ખાતર શિરોમણિ બનવા માટે કામ ન કરીએ પરંતુ માનવધર્મ, સામાજિક સમરસતા, સાંસ્કૃતિક બહુમતીની સાથે આદર્શ નૈતિક મૂલ્યો અપનાવવામાં પણ વિશ્વમાં શિરમોર બનીએ.

મને વિશ્વાસ છે કે સાંસ્કૃતિક વૈવિધ્યના ઉત્સવ સમા સૌરાષ્ટ્ર–તમિલ સંગમ જેવા કાર્યક્રમોના આયોજનો અને કેન્દ્રમાં નરેન્દ્રભાઈની સરકાર અને દેશની રાજ્ય સરકારોના નિરંતર પ્રામાણિક પ્રયાસો ચોક્કસપણે એક ભારત થી શ્રેષ્ઠ ભારત નો માર્ગ પ્રશસ્ત કરશે.